# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા | સ્થાપના ૨૦૧૦ | વર્ષ : ૦૩ અંક : ૧૩૫ | વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર વદ ૦૯ | પાના - ૦૮ | કિંમત : ૪ | અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 135 • Dt. 24-12-2024 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.07

'પુષ્પા ૨' એક્ટર અલ્લુ અર્જુનના ઘર પર હુમલો ; તોડફોડ કરનાર ૮ લોકોની ધરપકડ

P.07

સફળતા કલાકારોના દિમાગ સાથે રમે છે જે ન થવું જોઈએ : પંકજ ત્રિપાઠી



દિલ્હી સહિત બાર રાજ્યોમાં તોફાન અને વરસાદ સાથે કરા પડવાની સંભાવના !!




07

**24**
DECEMBER- 2024
TUESDAY



07

૩ ખાલિસ્તાની આતંકવાદીઓ યુપી પોલીસ સાથેના એન્કાઉન્ટરમાં માર્યા



















આરોગ્ય સચિવ અને કમિશનર સહિત ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા

# ઇમરજન્સી કેસમાં વીડિયોગ્રાફી ફરજિયાત અપલોડ કરવાની રહેશે : આરોગ્ય મંત્રી

**રાજ્યના આરોગ્ય તંત્રને હચમચાવી દેનાર ખ્યાતિ હોસ્પિટલ જેવા કાંડને રોકવા માટે સરકારે નવી એસઓપી તૈયાર કરી હતી.**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૩ ।

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આજે પીએમજેએવાય યોજનાની નવી એસઓપી જાહેર કરી હતી. જેમાં રાજ્યના પ્રજાજનોને આ યોજનાનો લાભ સરળતાથી મળી રહે તે હેતુથી વધુ હોસ્પિટલોની નોંધણી કરીને યોજનાનો લાભ આપવા, હોસ્પિટલોએ એન્જીયોગ્રાફીની વીડિયોગ્રાફીની સીડીઓ પ્રિઓથના સમયે અપડલોડ કરવી અને રાજ્યની તમામ હોસ્પિટલોએ આઈસીપી માટેની ભારત સરકારની ગાઈડલાઈનનું પાલન કરવા જેવા નિર્ણયો લેવામાં આવ્યા છે.આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ પીએમજેએવાય યોજનાની નવી એસઓપી જાહેર કરવામાં આવી હતી. જેમાં આરોગ્ય સચિવ અને કમિશનર સહિત ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.



રાજ્યના આરોગ્ય તંત્રને હચમચાવી દેનાર ખ્યાતિ હોસ્પિટલ જેવા કાંડને રોકવા માટે સરકારે નવી એસઓપી તૈયાર કરી હતી. જેમાં કાર્ડિયોલોજી, ઓક્રો(કેન્સર) અને નિયોનેટલ(બાળકો) ની સારવાર માટે નવી એસઓપી જાહેર કરાઇ હતી. આમાં પીએમજેએવાય હેઠળ એમ્પેનલ હોસ્પિટલ માટે વધુ કડક નિયમો બનાવવામાં આવ્યા છે.ટેકનિકલ બાબતોને ધ્યાને લઈને સ્પેશ્યાલીટીમાં સુધારા કરવા જરૂરી જણાય છે, જે ધ્યાને લઈને રાજ્ય સરકારે તાત્કાલિક અસરથી કાર્ડિયોલોજી સેવાઓની માર્ગદર્શિકામાં સુધારા જાહેર કરીએ છીએ.દર્દીના હીતમાં શ્રેષ્ઠ નિર્ણય લઈ શકાય તે માટે કાર્ડિયોલોજીની સેવાઓ માટે કાર્ડિયોલોજીસ્ટ તથા કાર્ડિયોથોરેસિક સર્જન સાથે ફુલ ટાઈમ કામ કરતા હોય તેવા સેન્ટરોને જ કાર્ડિયોલોજીના કલ્સટર માટે માન્યતા પ્રાપ્ત ગણવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી લાભાર્થીના હિતમાં સંયુક્ત રીતે શ્રેષ્ઠ નિર્ણય લઈ શકાય. આ ઉપરાંત હોસ્પિટલો ખાતે ફુલ ટાઈમ કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ તથા ફિજીયોથેરાપિસ્ટ રાખવા આવશ્યક રહેશે.ખાસ કિસ્સામાં ઈમરજન્સી સારવાર અતિઆવશ્યક હોય તેવા સંજોગોમાં જ ફક્ત કાર્ડિયોલોજીની સેવાઓ આપતા સેન્ટર એન્જીયોપ્લાસ્ટી કરી શકશે.

હોસ્પિટલોએ એન્જીયોગ્રાફી તેમજ એન્જીયોપ્લાસ્ટીની સીડી વીડિયોગ્રાફી પ્રિઓથના સમયે અપલોડ કરવાની રહેશે. ઈમરજન્સી કેસમાં સદર સીડી/વીડિયોગ્રાફી સારવાર બાદ અપલોડ કરવાની રહેશે.કેન્સર સારવાર : નિષ્ણાંત તબીબોના સૂચન બાદ ઓક્રોલોજી એટલે કે કેન્સરની વિવિધ પ્રોસિઝર સારવાર માટેની પણ નવીન માર્ગદર્શિકા બનાવવામાં આવી છે. કેન્સરના દર્દીની જરૂરિયાત મુજબની યોગ્ય સારવારનો પ્લાન નક્કિ કરવા માટે મેડીકલ ઓક્રોલોજિસ્ટ, સર્જીકલ ઓક્રોલોજિસ્ટ અને રેડિયેશન ઓક્રોલોજિસ્ટની સંયુક્ત પેનલ ટ્યુમર બોર્ડ તરિકે નિર્ણય લઈ ટીબીસી (ટ્યુમર બોર્ડ સર્ટિફિકેટ) માં દર્દીનો ટ્રીટમેન્ટ પ્લાન નક્કી કરશે ટીબીસી(ટ્યુમર બોર્ડ સર્ટિફિકેટ) અપલોડ કરવાનું ફરજિયાત રહેશે.

## સીબીઆઇના અધિકારીની ઓળખ આપીને યુવક સાથે ૨.૯૨ લાખની છેતરપિંડી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૩ ।

અમદાવાદના નારણપુરામાં રહેતા એક યુવકને સીબીઆઈના અધિકારીની ઓળખ આપીને તેની સાથે રૂ.૨,૯૨,૪૪૦ની છેતરપિંડી કરવામાં આવી હતી. આ અંગે નારણપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.આ બનાવની વિગત મુજબ નારણપુરામાં મીરામ્બીકા સ્કૂલ પાસે બંસીધર એપાર્ટમેન્ટમાં રહેતા જૈનમ બિપીનભાઈ શાહ(૨૫) ને ૩૦.૧૧.૨૦૨૪ થી ૨.૧૨.૨૦૨૪ દરમિયાન કોઈ મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો. આ શખ્સે ઈન્ટરનેટના માધ્યમથી વિડીયો કોલ કરીને જૈનમ શાહને ખોટા દસ્તાવેજો બતાવીને તેમજ સીબીઆઈના અધિકારીની ઓળખ આપી હતી. બાદમાં આ શખ્સે જૈનમ શાહને ગેરકાયદે પ્રવૃતિના ખોટા કેસમાં ફસાવી દેવાનું દબાણ કર્યુ હતું. બાદમાં આ શખ્સે જૈનમ શાહના બેંક ખાતામાં રહેલા નાણાં તપાસના કામે સીઝ કરવાના છે, એમ કહ્યું હતું. બાદમાં આ શખ્સે પોતાના ખાતામાં રૂપિયા ૨,૯૨,૪૪૦ ટ્રાન્સફર કરાવીને છેતરપિંડી કરી હતી.

## બનાસકાંઠામાં દારૂના જથ્થા સાથે ૧૪.૮૭ લાખનો મુદ્દામાલ કબજે

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૨૩ ।

બનાસકાંઠાના વડગામ તાલુકાના મુમનવાડા વડગામ રોડ પર મોરૈયા ગામ પાસેથી કારમાં દારૂનો જથ્થો લઈ જવાતો હોવાની માહિતી સ્ટેટ મોનીટરિંગ સેલના અધિકારીઓને મળી હતી. જેને આધારે પોલીસે મોરૈયા ગામ પાસે જાળ બિછાવીને ફોરચ્યુનર કાર અટકાવી હતી. તપાસ કરતા કારમાંથી રૂ. ૪,૮૨,૭૮૨ ની કિંમતની ૨૪૫૦ દારૂની બોટલો મળી આવી હતી.પોલીસે દારૂનો જથ્થો, કાર અને મોબાઈલ મળીને કુલ રૂ. ૧૪,૮૭,૭૮૨ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આ કેસમાં રાજસ્થાનના ઝાલોરના રહેવાસી રવિન્દ્ર એમ,બિશ્નોઈની ધરપકડ કરી હતી. જ્યારે ચાર ફરાર આરોપી દારૂનો જથ્થો ભરી આપનારા બનાસકાંઠાના મનીષ પરમાર, દારૂ ભરેલી કાર આપી જનાર વિપુલ, દારૂનો જથ્થો મંગાવનાર અજાણ્યા શખ્સ તથા કારના ડ્રાઈવરની શોધ હાથ ધરી છે.

## સુરેન્દ્રનગરમાં ફાર્મ હાઉસમાં પોલીસનો દરોડો : દારૂના જથ્થા સાથે ૬૬ લાખનો મુદ્દામાલ કબજે

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૨૩ ।

સુરેન્દ્રનગરમાં એસએમસી(સ્ટેટ મોનીટરિંગ સેલ)ના અધિકારીઓએ દારૂમનો મસમોટો જથ્થો ઝડપી પાડ્યો છે.એસએમસીની ટીમને માહિતી મળી હતી કે ચોટીલાના નવા વિલેજ કમલેશભાઈ ભીમજીભાઈ ઢોલાના ફાર્મમાં દારૂનો જથ્થો રાખવામાં આવ્યો છે. આ માહિતીને આધારે પોલીસે અહીં દરોડો પાડ્યો હતો. અહીંથી પોલીસે રૂ.૩૧,૦૨,૨૪૩ ની કિંમતની વિદેશી દારૂની ૫૪૩૩ બોટલો કબજે કરી હતી. તે સિવાય ૩ વાહનો પણ કબજે કર્યા હતા. આમ પોલીસે દારૂનો જથ્થો અને વાહનો મળીને કુલ રૂ. ૬૬,૦૯,૨૪૩ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.પોલીસે આ કેસમાં ચોટીલાના નવા ગામના રહેવાસી વિજય એમ,ચૌહાણની ધરપકડ કરી હતી. જ્યારે દારૂ મંગાવનાર અને કટીંગ કરનારા શખ્સ ઉપરાંત વાહનોના માલિકો અને દારૂનો જથ્થો મોકલનારા શખ્સો મળીને કુલ ૧૦ આરોપીઓ સામે ગુનો નોંધીને તેમની શોધ હાથ ધરી છે. સુરેન્દ્રનગરમાં એસએમસી(સ્ટેટ મોનીટરિંગ સેલ)ના અધિકારીઓએ દારૂમનો મસમોટો જથ્થો ઝડપી પાડ્યો છે.એસએમસીની ટીમને માહિતી મળી હતી કે ચોટીલાના નવા વિલેજ કમલેશભાઈ ભીમજીભાઈ ઢોલાના ફાર્મમાં દારૂનો જથ્થો રાખવામાં આવ્યો છે.

ગુજરાત ઇ-ગવર્નન્સ અને ડિજિટલ સેવાઓમાં અગ્રગણ્ય રાજ્ય બન્યું

## ૮ મહાનગરપાલિકાને ૧૫૯ નગરપાલિકાના નાગરિકો માટે બહુ કામની સુવિધા લોન્ચ

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૩ ।

કેન્દ્ર સરકારના ડિજિટલ ઈન્ડિયાના વિઝનને સાકાર કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યમાં આજે મહત્તમ યોજનાઓ નાગરિકોને આંગળીના ટેરવે મળતી થઈ ગઈ છે. ગુજરાત આજે ઈ-ગવર્નન્સ અને ડિજિટલ સેવાઓમાં અગ્રગણ્ય રાજ્ય બન્યું છે, જેમાં મહત્વની એક ડિજિટલ યોજના એટલે ઈનગર

શહેરોમાં વસતા નાગરિકોના ભાગદોડભર્યા જીવનમાં ઝડપી સેવાઓ આપતું કેન્દ્રિય ડિજિટલ પ્લેટફોર્મ "ઈ-નગર" ખરા અર્થમાં આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. આ પ્લેટફોર્મ મુખ્યત્વે ૯ મોડ્યુલ્સ અને ૪૨ જેટલી સેવાઓ પૂરી પાડે છે, જેમાં નાગરિકોને ઓનલાઈન મેરેજ રજીસ્ટ્રેશન, પ્રોપર્ટી ટેક્સ, બિલ્ડિંગ પરમીશન, હોલ બુકિંગ, પ્રોફેશનલ ટેક્સ, એસ્ટેટ મેનેજમેન્ટ, પાણી અને ગટરની સેવાઓ, લાયસન્સ, ફરિયાદો વગેરે વિવિધ સેવાઓનો સમાવેશ થાય છે. ઓનલાઈન પ્લેટફોર્મ થકી નાગરિકોને સરળ, સમય તથા નાણાની બચત, પારદર્શિતા અને કાર્યક્ષમ સેવાઓ મળી રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઈ-ગવર્નન્સ અને એમ-ગવર્નન્સ અંતર્ગત તમામ શહેરી સ્થાનિક સંસ્થાઓને સમાન પ્લેટફોર્મ પર લાવવા માટે રાજ્ય સરકારે ઈ-નગર પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ કેન્દ્રીયકૃત પ્લેટફોર્મ પર વિવિધ મ્યુનિસિપલ કોર્પોરેશનો અને શહેરી સ્થાનિક સંસ્થાઓ દ્વારા નાગરિકોની અરજીઓનો યોગ્ય અને સમયસર ઉકેલ લાવવામાં આવે છે. રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે ઈ-નગર પ્રોજેક્ટ માટે નોડલ એજન્સી તરીકે ગુજરાત શહેરી વિકાસ મિશનની નિમણૂક કરી છે. જે અંતર્ગત રાજ્યની ૧૫૯ નગરપાલિકાઓ અને ૮ મ્યુનિસિપલ કોર્પોરેશનને ઈ-નગર પ્રોજેક્ટમાં આવરી લેવામાં આવ્યા છે, જેથી વધુમાં વધુ નગરજનો રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈ શકે છે તેમ, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## ઘોઘાના લાખણકા રોડ ઉપર ડમ્પરની અડફેટે ૨ ના મોત

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૨૩ ।

રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના બનતી હોય છે. ત્યારે ભાવનગરમાં ફરી એક વખત ડમ્પર ચાલકે અકસ્માત સર્જાયો હોવાની ઘટના સામે આવી છે. ભાવનગરના ઘોઘાના હાથબથી લાખણકા રોડ ઉપર રેતી ભરીને પૂરપાટ ઝડપે આવતા ડમ્પરે બાઈકને અડફેટે લઈ બંન્ને યુવક પર ચડાવી દીધુ હતું.મળતી માહિતી અનુસાર બાઈક સવાર બંન્ને લોકો નેપાળના મૂળ રહેવાસી હતા. નેપાળી યુવક ભાવનગરમાં મજૂરી કામ કરવા માટે આવ્યા હતા. તે સમયે ડમ્પર ચાલકે બાઈક અડફેટે લેતા શ્રમિક સાન્તબહાદુર કામી અને મહેન્દ્ર દમાઈનું ઘટના સ્થળ કરુણ મોત નિપજ્યું હતુ. પ્રાપ્તથતી વિગતો અનુસાર ૧૦ દિવસમાં ડમ્પરની અડફેટે ૧૧ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. પરંતુ સવાલ અહીં થાય છે કે ડમ્પર ચાલકોને કોઈનો ડર નથી. છેલ્લા ૧૦ દિવસમાં ૧૧ લોકોએ જીવ ગુમાવ્યા.રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના બનતી હોય છે.

## બનાસકાંઠામાં વકીલની સલાહ લેવા ગયેલી યુવતી બની હવસનો શિકાર

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૨૩ ।

એક દુષ્કર્મનો વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. વકીલે જ યુવતીને તેની પાસેથી ફી ન લેવાનું કહી તેને ગોંધી રાખી અને હનીટ્રેપ માટે એક વ્યક્તિ સાથે વાત કરવાનું કહ્યું પણ પીડિત યુવતીએ વાત ન કરતા અન્ય એક શખ્સ આવ્યો અને આ શખ્સે યુવતી પર દુષ્કર્મ ગુજાર્યુ હતું. બનાસકાંઠામાં દુષ્કર્મનો અજીબો-ગરીબ કિસ્સો સામે આવ્યો છે. બનાસકાંઠામાં બ્યુટી પાર્લરના વ્યવસાય સાથે સંકળાયેલી એક યુવતીને તેના બોયફ્રેન્ડ સાથે તકરાર થતા ન્યાય મેળવવા કાનૂની સલાહ લેવા માટે ગૂગલનાં સહારે પાલનપુરના એક વકીલ પાસે પહોંચી હતી. જો કે ત્યારબાદ વકીલે જ યુવતીને તેની પાસેથી ફી ન લેવાનું કહ્યું અને ગોંધી રાખી અને હનીટ્રેપ માટે એક વ્યક્તિ સાથે વાત કરવાનું કહ્યું પણ પીડિત યુવતીએ વાત ન કરતા અન્ય એક શખ્સ આવ્યો અને આ શખ્સે યુવતી પર દુષ્કર્મ ગુજાર્યુ હતું.



શિક્ષણ વિભાગમાં ચાલતી પોલમપોલ અન્ય વિભાગોને આંટી મારી જાય તેવી

# ગુજરાતમાં સરકારી સ્કૂલોના શિક્ષકોના લાખો-કરોડોના હવાલા અને સંપત્તિની તપાસ થશે

## સુરત શહેરની એક સરકારી શાળાના પ્રિન્સિપાલ સંજય પટેલે મંજૂરી વિના અનેક વિદેશ પ્રવાસ કર્યા હોવાનો ઘટસ્ફોટ

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૩ ।

સરકારી સ્કૂલોના શિક્ષકો નોકરી સિવાય પણ અનેક ધંધા કરતા હોવાનું સામે આવ્યું છે. જેને પગલે આ શિક્ષકોના લાખો-કરોડોના હવાલા અને સંપત્તિની તપાસ થશે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગમાં ચાલતી પોલમપોલ અન્ય વિભાગોને આંટી મારી જાય તેવી છે. રાજ્યભરની શાળાઓમાં હજારો શિક્ષક કાર્યરત છે અને મહિને દહાડે કરોડો રૂપિયાનો પગાર પણ ચૂકવાય છે. સરકારી શાળામાં ભણતા બાળકોને શિક્ષક સારું શિક્ષણ આપવાના બદલે પોતાના અંગત કામો અને આર્થિક લાભ માટે ખોટા કામો કરી રહ્યાં હોવાના અનેક દાખલાઓ સામે આવી ચૂક્યાં છે.

સુરત શહેરની એક સરકારી શાળાના પ્રિન્સિપાલ સંજય પટેલે મંજૂરી વિના અનેક વિદેશ પ્રવાસ કર્યા હોવાનો ઘટસ્ફોટ થતાં તેમને સસ્પેન્ડ કરી દેવાયા છે.




સંજય પટેલ હવાલા થકી મોટી રકમ દુબઈ ખાતે મોકલી ધંધો કરતા હોવાની તેમજ કરોડો રૂપિયાની હેરફેર કરી હોવાના આરોપ લાગતા એસીબીમાં ફરિયાદ થઈ છે.એસીબીમાં થયેલી ફરિયાદ સંજય પટેલ માટે મોટી આફત ઉભી કરી છે.સરકારી નોકરીમાં મંજૂરી વિના એક વર્ષમાં વિદેશની ૧૬-૧૬ ટ્રીપ મારનારા સુરતના શિક્ષક પ્રિન્સિપાલ સંજય પટેલની પોલ ખુલી જતા સસ્પેન્ડ કરી દેવાયા છે. સરકારી નોકરીની ઐસી તૈસી કરનારા સંજય પટેલે દુબઈમાં પોતાના અને પત્નીના નામે એક વર્ષમાં જુદાજુદા ધંધાઓ શરૂ કરી દીધા છે. સંજય પટેલ અને તેમના પત્ની હિનલબહેન યુએઈના રેસીડન્સ વિઝા ધરાવતા હતા. સંજય પટેલે દુબઈ ખાતે એક નહીં પરંતુ ત્રણ-ત્રણ કંપનીઓ શરૂ કરી છે.શિક્ષક સંજય પટેલ પોતાના અને પત્નીના નામે યુમકીન જનરલ ટ્રેડિંગ, શિવાલીક ટ્રાવેલ એન્ડ ટુર્સ અને સ્વરસ ઈન્ફોર્મેશન ટેકનોલોજી સોલ્યુશન નામની કંપની ચલાવે છે.મૂળ પાટણના ચાણસ્મા તાલુકાના વડાવલી ગામના સંજય પટેલ વર્ષોથી શિક્ષક તરીકે અને છેલ્લાં ૧૦ વર્ષથી આચાર્ય તરીકે સુરત શહેરની શાળામાં ફરજ બજાવતા હતા. સંજય પટેલ સરકારી નોકરીની સાથે સાથે અનેક ધંધાઓ કરતા હતા. સંજય પટેલ કરોડો રૂપિયાના ગર્વમેન્ટ કોન્ટ્રાક્ટમાં પણ ઝંપલાવતા હોવાનું સામે આવ્યું છે. એક સરકારી કર્મચારી તરીકે સંજય પટેલે લાખો-કરોડો રૂપિયાની બેંક તેમજ આંગડીયા પેઢીઓમાં હેરફેર કરી છે.હવાલા થકી દુબઈ ખાતે પણ મોટી રકમ મોકલી આપી ત્યાં જુદાજુદા ધંધાઓમાં રોકાણ કર્યું છે.મણીનગર પોલીસ સ્ટેશનમાં સંજય પટેલે ગત ૨૧ નવેમ્બરના રોજ નોંધાવેલી અપહરણની ફરિયાદમાં કરોડોની લેવડ-દેવડનો ઉલ્લેખ કર્યો છે.

સાબરકાંઠામાં બનેલી ચોંકાવનારી ઘટના

# પિતા લોન ન ભરી શક્યા તો રીકવરી કરનારા શખ્સે દિકરીનું અપહરણ કરીને વેચી દીધી

। હિંમતનગર,૮ ll.૨૩ ।

સાબરકાંઠામાં બનેલી ચોંકાવનારી ઘટનામાં એક પિતા લોન ન ભરી શકતા રિકવરી કરવા આવેલા શખસોએ દીકરીનું અપહરણ કરી લીધું હતું, એટલું જ નહી તેને વેચી નાખી હતી. છૂટક મજૂરી કરનાર શખસે થોડા સમય પહેલા ૬૦ હજાર રૂપિયા ઉછીના લીધા હતા. જોકે એની ચૂકવણી બરાબર કરી દીધી પરંતુ વ્યાજ સતત વધતું જ રહેતું હતું જેના પરિણામે ૨થી ૩ લાખ રૂપિયાની માગણી તેમની પાસે કરાતા એ ચૂકવી ન શકયા. રિકવરી કરનાર લોકોએ બાદમાં તેમની દીકરીનું અપહરણ કરી ન કરવાનું કર્યું હતું.સાબરકાંઠામાં રહેતા શખસે લોન ન ભરી શકતા રિકવરી માટે આવેલા લોકો દીકરીનું અપહરણ કરી અને વેચી કાઢી હતી. આ નાની દીકરીને ત્રણ લાખ રૂપિયામાં રાજસ?થાનનાં એક ગામના રહેવાસીને આપી દેવાઈ હતી. લોન શાર્ક્સનો આવો નિર્દયતાપૂર્ણ ઘટનાક્રમ સામે આવતા ચકચાર મચી ગઈ છે. બાદમાં હિંમતનગર સીટી એ ડિવિઝન પોલીસ સ?ટેશનમાં આની ફરિયાદ કરાઈ હતી. જેથી પોલીસે પણ તપાસ આદરી અને આરોપીઓની સામે કડક કાર્યવાહી શરૂ કરી દીધી હતી.

આ ઘટનાની જાણ ૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ હિમતનગર સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી. પોલીસે અરવલ્લી જિલ્લાના મોડાસાના અર્જુન નાટ અને શરીફા નાટ તથા મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના દેવગામ ગામના લખપતિ નાટ સામે ગુનો નોંધ્યો હતો. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એ બી શાહે જણાવ્યું હતું કે એફઆઈઆર દાખલ કર્યાના કલાકોમાં જ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓને શનિવારે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને સાત દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.શાહ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆર મુજબ, અર્જુન નાટે દીકરીના પિતા, જે રોજી મજૂરી કરતા હતા, તેમને નિર્ધારિત વ્યાજ દરે ૬૦,૦૦૦ રૂપિયા ઉછીના આપ્યા હતા. વ્યાજની નિયમિત ચુકવણી કરવા છતાં, અર્જુન અને શરીફાએ તેની પાસેથી રૂ. ૩ લાખથી રૂ. ૪ લાખ સુધીની રકમની માંગણી કરી હતી. જ્યારે માંગ પૂરી ન થઈ, ત્યારે આરોપીઓએ તેના ઘરે તેના પર હુમલો કર્યો અને તેને કોરા કાગળો પર સહી કરવા દબાણ કર્યું હતું.

# અમદાવાદમાં બાબાસાહેબની પ્રતિમાને તોડી ખંડિત કરાઈ, આક્રોશમાં રસ્તા પર ઉતર્યા લોકો

। માહિતી બ્યુરો, અમદાવાદ,તા.૨૩ ।

અમદાવાદમાં બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા ખંડિત કરાતા ધમાસાણ મચ્યું છે. અમદાવાદના ખોખરામાં બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યુને નુકસાન થતા લોકોમાં રોષ ફેલાયો છે. સ્થાનિકોએ રસ્તા વચ્ચે બેસી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. બાબા સાહેબની પ્રતિમાને ખંડિત કરનારને પકડવા માંગ કરાઈ છે. ઘટનાની જાણ થતા શહેર કોંગ્રેસ પ્રમુખ હિંમતસિંહ પટેલ અને ભાજપનાં ધારાસભ્ય અમુલ ભટ્ટ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. સ્થાનિકોએ પ્રતિમાને ફરીથી પ્રસ્થાપિત કરવામાં આવે તેવી માંગ કરી છે. પોલીસે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે. અમદાવાદના ખોખરામાં બાબાસાહેબ આંબેડકરની મૂર્તિને ખંડિત કરવામાં આવી છે. જયંતિ વકીલની ચાલીની બહાર ડો. બાબાસાહેબ આંબેડરની પ્રતિમાના નાકને અસામાજિક તત્વોએ તોડી નાખતા સ્થાનિક લોકોમાં રોષ ફેલાયો છે. સ્થાનિકોએ વિરોધ દર્શાવતા જ ખોખરા પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી.આ મામલે અમદાવાદ શહેર પ્રમુખ હિંમતસિંહ પટેલે જણાવ્યું કે, બાબા સાહેબની પ્રતિમાને ખંડિત કરવાનો પ્રયાસ કર્યો છે. પોલીસ કમિશનર સાથે વાત કરી છે. આવા તત્વોને કડક સજા કરવાની માંગ કરી છે.









## તંત્રી લેખ...

# પરિણામ જરૂરી

દેશના લોકો છેલ્લા ઘણા વર્ષોથી મોંઘવારી અને બેરોજગારીના મોરચા પર નક્કર પરિણામોની રાહ જોઇ રહ્યા છે પરંતુ પરિણામ ઇચ્છિત મળી રહ્યા નથી. રોજગારી અને મોંઘવારીના પ્રશ્ને કોંગ્રેસે હલ્લાબોલ જારી રાખ્યો હોવા છતાં સરકાર પર તેની અસર થઇ રહી નથી. લોકો ઘણા સમયથી નક્કર પરિણામોની રાહ જોઇ રહ્યા છે પરંતુ અપેક્ષા મુજબના પરિણામ નોકરી અને મોંઘવારીના સંબંધમાં મળી રહ્યા નથી. આવી સ્થિતીમાં સામાન્ય લોકો પણ હવે વધારે રાહ જોવા માટે તૈયાર નથી. કોરોના વાયરસના દોરમાં રોજગારી લોકોની જઇ રહી છે. લોકો મુશ્કેલીમાં મુકાઇ રહ્યા છે. આવી સ્થિતીમાં રોજગારીના મોરચા પર સાવધાની જરૂરી બની છે. પગલાની પણ જરૂર દેખાઇ રહી છે. લોકોની રોજગારી બચે અને વધુ રોજગારી સર્જાય તેવા કોઇ પગલા જાહેર થઇ રહ્યા નથી. લોકો નારાજ પણ દેખાઇ રહ્યા છે. આના કેટલાક સંકેત પણ મળી ચુક્યા છે. નવી નવી યોજનાઓ જાહેર કરવાની બાબત એટલી મહત્વપૂર્ણ નથી જેટલી મહત્વપૂર્ણ બાબત જે યોજના છે તેના અમલીકરણની છે. લોકોને લોકલક્ષી યોજનાના લાભ ઝડપથી અને સારી રીતે મળે તે જરૂરી છે અને દેશના લોકો આ જ ઇચ્છે પણ છે. આવી સ્થિતીમાં મોદી સરકાર લોકોને સંતુષ્ટ કરવા નવાવર્ષમાં આના પર જ ધ્યાન આપે તે જરૂરી છે. રોજગારીને વધારી દેવા અને મોંઘવારી પર બ્રેક મુકવા સહિતના કેટલાક પગલા ઝડપી લઇને લોકોને રાહત આપવાની તાકીદની જરૂર દેખાઇ રહી છે. જો આ પગલા નહી લેવાય તે મોદી પ્રત્યે લોકોનો વિશ્વાસ હવે ઘટી શકે છે. થોડાક સમય પહેલા રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ મિશનની શરૂઆત કરી દેવામાં આવી હતી. સાથે સાથે ફરી એકવાર કરોડો લોકોને નોજરી મળશે તેવુ સ્વપ્ન પણ બતાવી દેવામાં આવ્યુ હતુ. દરેક ગરીબને સેનિક તરીકે ગણાવીને વડાપ્રધાન મોદીએ દસ વર્ષની પ્રગતિની યોજના તૈયાર કરવાની વાત પણ કરી હતી. યુવાનોને રોજગારી કઇ સરકાર આપવા માંગતી નથી. તમામ ઇચ્છે કે દરેક હાથને કામ મળે પરંતુ માત્ર ભાષણથી આ બાબત શક્ય બનશે નહી. મોદી સરકાર સત્તામાં હવે પુરતો ગાળો થઇ ગયો છે પરંતુ પરંતુ હજુ સુધી કોઇ નક્કર પરિણામ મળ્યા નથી. લોકસભા ચૂંટણી પહેલા પણ મોદીએ યુવાનોને રોજગારી આપવાના મોટા મોટા વચન આપ્યા હતા. હવે મોદીને આ બાબત લોકોને બતાવી દેવાની જરૂર છે કે હજુ સુધી તેમના સરકારના ગાળા દરમિયાન કેટલા લોકોને રોજગારી મળી છે. સાથે સાથે આવનાર સમયમાં ક્યારે કેટલા લોકોને કઇ રીતે નોકરી આપવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. દેશના લોકો હવે જાણવા માંગે છે. કારણ કે આશા જાગી છે. લોકોને મોદી પાસે ઘણી આશા છે. તમામ લોકોને હવે પરિણામનો ઇન્તજાર છે. નહેરુથી લઇને મોદી સુધી દરેક વડાપ્રધાને મોટા મોટા વચન યુવાનો અને દેશના લોકોને આપ્યા છે. યુવાનોને રોજગારી આપવાના પણ અને મોંઘવારીને જડમૂળતી નાબુદ કરવાના વચન પણ આપવામાં આવ્યા છે.

# ઓફિસમાં ટેકનોલોજી પણ ફિટ રાખશે

મોટા ભાગના લોકો હવે ડેસ્ક વર્ક કરવા લાગી ગયા છે. આવી સ્થિતીમાં વર્ક એરિયામાં ફિટ રહેવા માટેની ચિંતા તેમને સતાવવા લાગી ગઇ છે. પરંતુ આધુનિક સમયમાં સાવધાન અને જાગૃત રહેલા લોકો આને લઇને પણ વધારે પરેશાન નથી. કેટલાક ખાસ એપ્સ અને ડિવાઇસનો ઉપયોગ કરીને વર્ક સ્ટેશન પર પણ સંપૂર્ણપણે ફિટ રહી શકાય છે. ઓફિસમાં ટેકનોલોજીની મદદ લઇને ફિટ રહી શકાય છે. સ્ટ્રેચિંગ એવી સરળ અને તરત કરી શકાય તેવી એક પ્રકારની કસરત છે જે ડેસ્ક પર પણ કરી શકાય છે. સિમારિમના એક મિનિટ ડેસ્ક વર્ક આઉટ એપ આઇઓએસ ડિવાઇસ પર કામ કરે છે. તેમાં ૪૫થી વધારે કસરત રહેલી છે. જે ડેસ્ક પર એક્ટિવ રાખે છે. તે દર કલાકે વ્યાયામ માટે રિમાન્ડર પણ મોકલે છે. એન્ડ્રોઇડ યુઝર્સ આઇ મોબલાફ ઇન્કના સ્ટ્રેચ એક્સરસાઇઝ કામમાં લઇ શકો છો. નિષ્ણાંતો કહે છે કે જો કોઇ વ્યક્તિ પીઠમાં પિડાના કારણે પરેશાન છે તો ફોનની અલાર્મ ક્લોકથી દર કલાકમાં બ્રેક લેવા માટે રિમાન્ડર સેટ કરી શકો છો. આપ એન્ડ્રોઇડ માટે રિમાઇન્ડ અલાર્મ ક્લોક અને બ્રેક રિમાઇન્ડર કામમાં લઇ શકો છો. એટલુ નહીં આઇઓએસ માટે ફ્રી એલાર્મ એપનો ઉપયોગ પણ કરી શકાય છે. હવે મોટા ભાગના કામ માટે ડિસ્પ્લે કામમાં આવે છે. આના કારણે આંખો પર દબાણ વધે છે. બ્રાઇટનેસ લેવલને ઘટાડી દેવાના બદલે એપ ઉપયોગમાં લઇ શકાય છે. જે બ્લુ લાઇટ ફિલ્ટરના રૂપમાં કામ કરે છે. સ્ક્રીનમાંથી નિકળનાર બ્લુ લાઇટ આંખમાં થનાર ટેન્શન માટે કારણરૂપ છે. એન્ડ્રોઇડ યુઝર્સ લુલાટ ફિલ્ટર અથવા તો ટ્વીલાટ એપ કામમાં લઇ શકે છે. બંને એપ સ્ક્રીનના રંગને વ્યવસ્થિત કરે છે. એપ્પલ આઇઓએસમાં પહેલાથી જ લાઇટ ફિલ્ટર મોડ જેડી દેવામાં આવ્યા છે. તમે મોબાઇલ ફોનમાં ખાસ એપ ડાઉનલોન કરીને યોગ કરી શકો છો. બ્રેક લઇ શકો છો. રોગમુક્ત રહી શકો છો. યોગ કરવાના કેટલાક ફાયદા રહેલા છે. યોગના તમામ વ્યાયામ કરવા માટે આપને વધારે સ્પેસની જરૂર હોય છે. જો તમે ડેસ્ક પર યોગ કરવા માટે રસ ધરાવો છો તો ઓફિસ યોગા એટ યોર ડેસ્ક એપનો ઉપયોગ કરી શકો છો. આ આઇઓએસ માટે ૨.૯૯ અમેરિકી ડોલરમાં છે. તે થ્રીડી યોગ ઇન્સ્ટ્રકર વિડિયો દર્શાવે છે. એન્ડ્રાઇડ યુઝર્સ ફ્રી ડેલી યોગા એપ કામમાં લઇ શકે છે. આના કારણે ટેન્શનને દુર કરવામાં સફળતા મળે છે.



**ભારત-અમેરિકાના વૈજ્ઞાનિકો મળીને હવાને સ્વચ્છ કરવા લાગેલા છે**

**અમેરિકા વાયુ પ્રદુષણને ઘટાડી દેવા માટે ભારતના પ્રયાસોમાં મદદરૂપ છે અમારી પાસે કેટલાક મદદરૂપ બને તેવા ટેકનોલોજી નિષ્ણાંત લોકો રહેલા છે સાથે સાથે ટોપના સાધન પણ છે**

# વાયુ પ્રદુષણ રોકવા અમેરિકા સાથે છે

**અમેરિકા ઉત્સર્જનને ઘટાડી શકે તેવા સાધનો, આધુનિક ઇલેક્ટ્રિક ટેકનોલોજી સાધનો દ્વારા ભારતની મદદમાં : હવાની ગુણવત્તા પર કામ**

વાયુ પ્રદુષણને લઇને પારસ્પરિક વધારે સારી સમજ ઉભી કરવા અને વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી દેવા માટે ભારત અને અમેરિકાના વૈજ્ઞાનિકો ખુબ નજીકના અંતરથી કામ કરી રહ્યા છે. જો કે અમેરિકાનુ સૌથી મોટી યોગદાન તેના દ્વારા ભુતકાળમાં કરવામાં આવેલા સંઘર્ષને લઇને હોઇ શકે છે. જો અમેરિકાના સંઘર્ષથી ભારત શિખી શકશે તો લાભ વહેલી તકે થશે. અમેરિકા વાયુ પ્રદુષણને ઘટાડી દેવા માટે ભારતના પ્રયાસોમાં મદદરૂપ છે. અમારી પાસે કેટલાક મદદરૂપ બને તેવા ટેકનોલોજી નિષ્ણાંત લોકો રહેલા છે. સાથે સાથે ટોપના સાધન પણ છે. જે વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી શકે છે. જેમાં કે સ્ક્રબર છે. જે તાપ વીઝળી સાધનો અને ઉપકરણોમાંથી નિકળનાર ઉત્સર્જનના પ્રમાણને ઘટાડી દે છે.

એવા સાધનો પણ ઉપયોગી રહે છે જે ડિઝલના વાહનોમાં રેટ્રોફિટ થઇ જાય છે. સાથે સાથે ઉત્સર્જન ઘટાડી નાંખે છે. આ ઉપરાંત પણ અતિ આધુનિક ઇલેકટ્રિક વાહન ટેકનોલોજી છે. અમારા વૈજ્ઞાનિકો અમેરિકાના વૈજ્ઞાનિકો સાથે મળીને કામ કરી રહ્યા છે. અમેરિકાના નિષ્ણાંતો પણ એક બાબત તો કબુલ કરે છે કે ભારતીય લોકો અને સરકાર યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. વાયુ પ્રદુષણને ઘટાડી દેવામાં



આવનાર દિવસોમાં મદદ મળી શકે છે. ભારત વાયુ પ્રદુષણને રોકવા માટે સતત પ્રયાસરત છે. ભારત દ્વારા સ્થાનિક ડેટા પર ભાર મુકે છે. જેના આધાર પર નક્કર ઉકેલ શોધી કાઢવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અમેરિકા આ દિશામાં ભારતને સહાયતા કરવા માટે તૈયાર છે. અમેરિકા પણ માને છે કે પોતાના સમૃદ્ધ ભવિષ્ય માટે ભારત પણ સ્વસ્થ રહે તે જરૂરી છે. વાયુ પ્રદુષણ કેટલા હદ સુધી ખતરનાક બને છે તેના પુરવા વારંવાર અભ્યાસ મારફતે મળતા રહે છે. જીનેવા સ્થિત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (ડબલ્યુએચઓ) એ પોતાના અહેવાલમાં કહ્યું છે કે દર વર્ષે વાયુ પ્રદુષણના કારણે વિશ્વભરમાં ૨ મિલિયન અથવા તો ૨૦ લાખ લોકોના મોત થઇ જાય છે. ડબલ્યુએચઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટામાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૫૧ દેશોના ૧૧૦૦ શહેરોમાંથી આંકડા એકત્રિત કરવામાં આવ્યા છે. આ આંકડા મુજબ હવાઈ પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. આના કારણે હાર્ટ સાથે સંબંધિત રોગ, ફેંફસાના કેન્સર, અસ્થમા અને શ્વાસ લેવાની તકલીફ તેમજ અન્ય ઇન્ફેક્શન રોગોનો સમાવેશ થાય છે. ઘણા શહેરી વિસ્તારોમાં આ તમામ રોગ સામાન્ય બની ચૂક્યા છે. કેટલાક શહેરોમાં પ્રદૂષણની સપાટી ડબલ્યુએચઓની માર્ગદર્શિકાની સરખામણીમાં ૧૫ ઘણી વધારે છે. વિકાસશીલ અને વિકસીત બંને દેશોમાં હવાઈ પ્રદૂષણ માટે જે પરિબળો જવાબદાર છે તેમાં વાહન પરિવહન, નાના પાયાના ઉદ્યોગો અને અન્ય મોટા ઉદ્યોગોનો સમાવેશ થાય છે. ઉપરાંત બાયોમાસ સળગાવવા અને કુકીંગ માટે કોલસાને લઈને પણ પ્રદુષણ ફેલાય છે. હવાઈ પ્રદુષણમાં અન્ય પરિબળો પણ યોગદાન આપે છે. વાયુ પ્રદુષણ રોકવામાં આવે તે જરૂરી છે.



**દરેક વયમાં જોબ શોધવાના તરીકા બદલાઇ જાય છે તે ચોક્કસ છે...**

**આ તો કડવી વાસ્તવિકતા છે કે વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધારે મુશ્કેલ રૂપ બનતી જાય છે જોબ માર્કેટમાં કો પણ કંપની યુવાનોને પ્રથમ પ્રાથમિકતા આપે છે આના માટેના કેટલાક કારણો હોય છે**

# દરેક વયમાં સારી જોબ મળી શકે છે

**વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધુને વધુ મુશ્કેલ બનતી જાય છે : જોબ માર્કેટમાં યુવાનોને વધારે તક મળવાના ઘણા કારણ છે**

એવી ધારણા ખોટી છે કે મોટી વયમાં સારી જોબ મળી શકે નહી. કોઇ પણ વયમાં સારી નોકરી મળી શકે છે તેમાં કોઇ બે મેત નથી. જો કે આના માટે તરીકા જુદા જુદા હોય છે. દરેક વયમાં જોબ શોધી કાઢવાની પ્રક્રિયા અને તરીકા બદલાતા જાય છે. આને લઇને પણ અભ્યાસની કામગીરી વિતેલા વર્ષોમાં નિષ્ણાંતો દ્વારા હાથ ધરવામાં આવી ચુકી છે. જેમાં કેટલીક મહત્વપૂર્ણ બાબત સપાટી પર આવી છે. દરેક વયમાં જોબ શોધવાની પદ્ધિતી સુ રહેલી છે તેના પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક બાબતોને સારી રીતે સમજી શકાય છે. આ તો કડવી વાસ્તવિકતા છે કે વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધારે મુશ્કેલ રૂપ બનતી જાય છે. જોબ માર્કેટમાં કો પણ કંપની યુવાનોને પ્રથમ પ્રાથમિકતા આપે છે. આના માટેના કેટલાક કારણો હોય છે. ભારતમાં મોટા ભાગે હાયરિંગ મેનેજર અનુભવ કરતા વધારે યુવાનોને મહત્વ આપવામાં આવે છે. તેમને લાગે છે કે દેશમાં યુવાનો ખુબ મોટી સંખ્યામાં છે. જેથી ઓછા પૈસામાં વર્કફોર્સ જરૂરી પ્રમાણમાં મળી જાય છે. યુવાનો એનર્જીથી સજ્જ અને ભરેલા હોય છે. આયુવાનો લાંબા સમય સુધી કામ કરી શકે છે. હાયરિંગ મેનેજર વિચારે છે કે સતત ટેકનોલોજી બદલાઇ રહી છે અને આવી સ્થિતીમાં યુવાનો નવી ટેકનોલોજીને વધારે



ઝડપથી સારી રીતે શિખી શકે છે. બિઝનેસ માહોલમાં અનુભવની કોઇ વેલ્યુ હવે રહી નથી. જુદી જુદી વયમાં જોબ સર્ચ કરતી વેળા જુદી જુદી રણનિતી અપનાવવામાં આવે છે. ૩૦ વર્ષની વયમાં જોબ સર્ચ પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક વિગત ઉભરીને સપાટી પર આવી છે. કેટલીક સ્કીલ હાંસલ કરવામાં આવે છે. રેજ્યુમ પણ શાનદાર રાખવામાં આવે છે. કઇ રીતે પોતાના કેરિયરને દિશા આપી શકાય છે તે બાબત ઉપયોગી હોય છે. આ વયમાં પુરતા પ્રમાણમાં જોખમ લઇ શકાય છે. સાથે સાથે મનની વાત સાંભળી શકવાની સ્થિતી હોય છે. ખરાબ દિવસો માટે કેટલાક મહિનાના પગારને રીઝર્વ રાખવામાં આવે તે જરૂરી છે. દરેક પ્રકારના ઇન્ટરવ્યુ અને ઇન્ટરેક્શનથી કેટલીક નવી બાબત શિખવા મળે તે જરૂરી છે. દરેક સપ્તાહમાં છથી આઠ કલાકનો સમય સર્ચ અને એન્જોય તેમજ લર્ન માટે નક્કી કરવામાં આવે તો ઉપયોગી સાબિત થાય છે. એવા અવસરની શોધ કરવી જોઇએ જેના કારણે પ્રગતિની તક વધારે રહે છે. કામ પર પ્રભાવ છોડી શકાય તેવી કેરિયરની હમેંશા પસંદગી કરવાની વિચારણા કરવી જોઇએ. વર્તમાન કંપનીમાં સ્વૈચ્છા સાથે લીડરશીપ રોલ કરવા માટે તૈયારી રાખવી જોઇએ. આ રીતે મોટા કામમાં પોતાની ભૂમિકા મોટી રહે તેવા કામ કરવા જોઇએ. પોતાના સહ કર્મચારીઓ, ક્લાઇન્ટો, જુના બોસ અને ઇન્ડસ્ટ્રીઝ પ્રોફેસરની સાથે સંબંધ કુબ સાનુકુળ રાખવા જોઇએ. ભવિષ્યની નોકરી માટે પ્રોફેશનલ નેટવર્ક રહે તેવી બાબત પર વધારે ધ્યાન આપવાની જરૂર છે. પોતાના વર્તમાન એમ્પ્લોયરને રોલ બદલી નાંખવા માટે પણ રજૂઆતો કરવી જોઇએ. ૪૦ વર્ષની વયમાં દરેક વ્યક્તિ માટે ટર્નિંગ પોઇન્ટ હોય છે. આ ગાળામાં મોટા ભાગના પ્રોફેશનલ સૌથી વધારે કામ કરી શકે તેવી સ્થિતીમાં હોય છે. જોબ સર્ચ દરમિયાન પોતાની સામે સૌથી મોટા પડકારો, નવા એમ્પ્લોયરની સામે પોતાને કુશળ સાબિત કરવાની આ સુવર્ણ તક હોય છે. તમે જે પ્રભાવ છોડવા માટે ઇચ્છુર છો જે પરંપરાનુ નિર્માણ કરવા માટે ઇચ્છુક છો તે તમામ બાબતને ધ્યાનમાં લઇ શકાય છે. આપના માટે યોગ્ય લાગે તે પ્રકારની બાબત પર ધ્યાન આપવાની જરૂર હોય છે. તમે જે પ્રકારની સંતુષ્ટિ અને વાતાવરણ ઇચ્છો છો તે પ્રકારની જોબ શોધી કાઢવા માટેના પ્રયાસ કરવા જોઇએ. ટેન્શન લેવા માટેની કોઇ જરૂર નથી. પાંચ વર્ષની વયમાં જુદા જુદા પ્રકારના અનુભવ લેવાના પ્રયાસ કરવા જોઇએ. શિખવા માટેના અવસર પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તે જરૂરી છે. શરૂઆત કરતા પહેલા તમામ પ્રકારની સ્કીલ ગે માહિતી મેળવી લેવી જોઇએ. ફોર્મલ ડ્રેસ પહેરીને ઇન્ટરવ્યુના અભ્યાસ કરવામાં આવે તે બાબત પણ ઉપયોગી હોય છે. આધુનિક સમયમાં કેટલીક બાબતોને ખાસ રીતે ધ્યાનમાં રાખીને કેરિયરમાં કોઇ પણ તબક્કામાં સારી નોકરી મેળવી શકાય છે. કેરિયરમાં હજુ સુધીની પ્રગતિની નોંધ પણ તૈયાર રાખવાની જરૂર હોય છે. એવા પ્રકારના બાયો ડેટા તૈયાર કરવા જોઇએજે તમારી કુશળતાને સારી રીતે રજ કરી શકે છે. જો તમે કંપનીને આ બાબત દર્શાવવામાં સફળ થઇ રહ્યા છો કે તમારી પાસે કામનો અનુભવ વધારે પ્રમાણમાં છે તો સારી તક મળી શકે છે. ઉંચા પગાર પણ મળી શકે છે. આધુનિક સમયમાં મિડિયામાં દરેક પ્રકારની બાબત સારી રીતે રજૂ કરવામાં આવે છે જેથી આના કારણે લાભ લઇ શકાય છે.

**માત્ર હાયર એજ્યુકેશનના કારણે જ હવે જોબ મળનાર નથી...**

# એજ્યુકેશનની સાથે સાથે અનુભવ અને સ્કીલ્સ પણ જરૂરી બની ગઇ છે : કંપનીઓ પાસે સૌથી સક્ષમ ઉમેદવારની પસંદગીના ઘણા વિકલ્પો

હાલના સમયમાં દરેક વિદ્યાર્થી ઉંચીથી ઉંચી ડિગ્રી હાંસલ કરવાના પ્રયાસમાં છે. બીજી બાજુ બજારમાં સંકેત સારા દેખાઇ રહ્યા નથી. ટાઇટ લેબર માર્કેટના લીધે જ શિક્ષણના મહત્વને સમજી શકાય છે. આજ કારણ છે કે હવે કોલેજ પણ મોંઘી બની ગઇ છે. કેટલાક વર્કરો માટે તો આ તમામ બાબતો ખુબ ખર્ચાળ તરીકે છે. આમાં સમય પણ ખુબ વધારે લાગે છે. વર્તમાન સમયમાં બજારમાં રોજગારીની અછત દેખાઇ રહી છે. પુરતા પ્રમાણમાં રોજગારી કુશળ લોકોને પણ મળી રહી નથી. આવી સ્થિતીમાં મોટા ફેરફાર જોવામાં આવી રહ્યા છે. જે જોબમાં ઓછી યોગ્યતાવાળા લોકોને રાખવામાં આવે છે ત્યાં હવે વધારે યોગ્યતાવાળા વિદ્યાર્થીઓને રાખવામાં આવી રહ્યા છે. બેરોજગારી વધી રહી છે જેથી કુશળ લોકો પણ ઓછા મહત્વવાળા જોબમાં નોકરી કરી રહ્યા છે. ભરતીની પ્રક્રિયામાં અથવા તો હાયરિંગ પ્રોસેસમાં હવે વધારે અનુભવવાળા અને ઉચ્ચ શિક્ષણવાળા વિદ્યાર્થીઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આવી સ્થિતીમાં હવે વધતી જતી સ્પર્ધાના યુગમાં એજ્યુકેશનની સાથે સાથે સ્કિલ હાંસલ કરવાની જરૂર દેખાઇ રહી છે. જ્યારે બેરોજગારીનો દર વધારે હોય છે ત્યારે લોકો ઉચ્ચ શિક્ષણ હાંસલ કરીને વધારે કમાણી કરવાના પ્રયાસ કરે છે. બેરોજગારીનો દર અલગ અલગ વિચારધારાને જન્મ આપે છે. વિદ્યાર્થીઓ આધુનિક સમયમાં વધારે ખર્ચ કરીને પણ ઉંચી ડિગ્રી હાંસલ કરવાના પ્રયાસ કરી રહ્યા છે. એવુ નથી કે હવે જોબ માટે કોઇ ખાસ અનુભવ અને શિક્ષણની જરૂર છે. પરંતુ કંપની પાસે હવે વિકલ્પ વધી ગયા છે. આવી સ્થિતીમાં તે સૌથી કુશળ અને હોશિયાર ઉમેદવારની જ પસંદગી કરે છે. પરેશાની એ છે કે તેમાં પ્રોડક્વિટી પર ખાસ અસર પડી રહી નથી. ભારતમાં બેરોજગારીનો દર વધી રહ્યો છે. આવી સ્થિતીમાં વધારે એજ્યુકેશન હાંસલ કરીને આગળ વધનારને જ રોજગારી મળનાર છે તે બાબત તો નક્કી છે. એજ્યુકેશનની સાથે સાથે અનુભવને પણ જોવામાં આવે છે. આ ઉપરાંત જે ઉમેદવાર સૌથી ઓછા પૈસામાં કામ કરવા માટે તૈયાર છે તેને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. દરેક વ્યક્તિ એજ્યુકેશન પર વધારે ખર્ચ કરે છે. જો કે હવે શિક્ષણ માત્ર એક ડિગ્રી બનીને રહી ગઇ છે. કારણ કે જોબ માર્કેટમાં ટ્રેન્ડ બદલાઇ રહ્યા છે. કેટલીક વખત તો કુશળ વ્યક્તિને પણ જોબ મળી રહ્યા નથી. આવી સ્થિતીમાં શિક્ષણ પર ઓછા ખર્ચ સાથે ઉપયોગી સ્કીલ પર પૈસા ખર્ચ કરી રહ્યા છીએ તો અમને ફાયદો થઇ શકે છે. એમ કહેવામાં આવી રહ્યુ છે કે ટેકનોલોજી, ગ્લોબલાઇજેશન અને એજ્યુકેશનના કારણે કોઇ પણ દેશમાં આર્થિક અસમાનતા જોવા મળી રહી છે. જો તમારી પાસે વધારે શિક્ષણ છે તો તેનુ કોઇ મહત્વ એ વખત સુધી નથી જ્યાં સુધી તેને યોગ્ય રીતે ઉપયોગમાં લેવામાં ન આવે. મહત્વપૂર્ણ બાબત એ છે કે તમે કેટલા ઓછા પૈસામાં કામ કરવા માટે તૈયાર થઇ રહ્યા છો. હવે દરેક વ્યક્તિ શિક્ષિત છે. શિક્ષણ અને અસમાનતાના લિન્કની વાત જુની બની ચુકી છે. આધુનિક અર્થવ્યવસ્થાને ગતિ આપવા માટે કોઇ યુવાને કેટલી શિક્ષણા હાંસલ કરવી જોઇએ તે બાબત ઉપયોગી બની ગઇ છે. તેના પર વિસ્તૃત ચિંતન કરવામાં આવે તે જરૂરી છે. હવે સમય આવી ગયો છે જ્યારે અમને શિક્ષણ હાંસલ કરવાના તરીકામાં ફેરફાર કરવા પડશે.





Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# વાળને સોફ્ટ, સફેદ થતા અટકાવવા માટે એરંડાનું તેલ લગાવો



વાળ બનશે મજબૂત : એરંડાનું તેલ એન્ટી-ઈન્ફ્લેમેટ્રી અને એન્ટી માઈક્રોબિયલ ગુણોથી ભરપૂર હોય છે.

કેસ્ટર ઓઈલને એરંડાનું તેલ પણ કહેવામાં આવે છે. આ તેલમાં ઘણા ઔષધીય ગુણ હોય છે. આયુર્વેદમાં તેનો ઉપયોગ ઘણી સમસ્યાઓને દૂર કરવા માટે થાય છે. એરંડાનું તેલ વાળ માટે કોઈ વરદાનથી ઓછું નથી. જે લોકોના વાળનો ગ્રોથ નથી થતો, વાળ સુકા અને નિર્જીવ થઈ ગયા છે અથવા નાની ઉંમરે સફેદ થઈ ગયા છે, તેઓએ એરંડાના તેલનો ઉપયોગ કરવો જોઈએ.

**વાળ બનશે સોફ્ટ :** વાળને સોફ્ટ બનાવવા માટે કન્ડિશનરનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે, પરંતુ કેસ્ટર ઓઈલ એક સારુ કન્ડિશનર પણ છે. તેને એલોવેરા જેલ, લીંબુ અને મધની સાથે વાળના મૂળિયામાં લગાવો અને એક કલાક રહેવા દો. ત્યારબાદ વાળને શેમ્પૂથી ધોઈ લો. આમ કરવાથી વાળ મજબૂત અને મુલાયમ થાય છે.

તેનો ઉપયોગ કરવાથી વાળને મજબૂતી મળે છે. વાળના ખરવાની સમસ્યા દૂર થાય છે અને વાળનો ગ્રોથ ઝડપથી વધે છે. આ માટે તમે તેને નાળિયેર તેલમાં મિક્સ કરીને લગાવો. એકથી બે કલાક સુધી લગાવી રહેવા દો. ત્યારબાદ વાળને શેમ્પૂ વડે ધોઈ લો.

**વાળને સફેદ થતાં અટકાવશે :** આજકાલ નાના બાળકોના પણ વાળ સફેદ થઈ જાય છે. એવામાં એરંડાના તેલનો ઉપયોગ ખૂબ જ કારગત સાબિત થઈ શકે છે. એરંડાનું તેલ વાળને સફેદ થતાં અટકાવે છે અને વાળને કાળા બનાવે છે. આજકાલ તમામ પ્રકારના કલર્સ અને અન્ય પ્રોડક્ટ્સના ઉપયોગથી વાળની ચમક અદશ્ય થઈ જાય છે. ચમકને પાછી લાવવા માટે એરંડાનું તેલ લગાવવું જોઈએ. તે વાળ માટે ઢાલની જેમ કામ કરે છે.



# તીખો-તળેલો ખોરાક બની શકે છે અનેક બીમારીનું ઘર

દરેક વ્યક્તિ મસાલેદાર વાનગીઓ જ હોંશે-હોંશે ખાતા હોય છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે આવા તીખા અને તળેલા ખોરાક તમારા સ્વાસ્થ્યને બગાડી શકે છે? વધારેમસાલા અને તેલનું સેવન કરવાથી હજારો રોગો શરીરમાં પ્રવેશ કરે છે. આજે 'જાન-જહાન'માં આપણે ડાયટિશિયન અનુ અગ્રવાલ પાસેથી મસાલેદાર ખોરાક ખાવાના નુકસાન વિશે જાણીએ.

**પેટ ખરાબ થાય છે :** ક્યારેક -ક્યારેક તીખો-તળેલો ખોરાક ખાઈ શકાય છે, પરંતુ દરરોજ મસાલેદાર ખોરાક ખાવાથી પેટ ખરાબ થઈ શકે છે અને લૂઝ મોશન થઈ શકે છે. મરચાં અને મસાલામાં કેપ્સેસીન હોય છે, જેનું વધુ સેવન કરવાથી પેટની લાઈનિંગને નુકસાન થાય છે.

એટલા માટે તીખું-તળેલો ખોરાક ખાધા પછી પેટમાં બળતરા થાય છે. કેપ્સાસીનનું સેવન કરવાથી ઊબકા, ઊલટી, પેટમાં દુખાવો અને બળતરા થાય છે અને ઝાડા પણ થઈ જાય છે. મસાલેદાર ખોરાક ખાધા પછી વ્યક્તિને છાતીમાં બળતરા અને ગેસની સમસ્યા અનુભવે છે.

**ગેસની સમસ્યા :** જો તમે તેલ અને મસાલાથી ભરપૂર આહાર લો છો તો શરીરનું પીએચ લેવલ ખોરવાઈ જાય છે. શરીરનું પોતાનું પીએચ લેવલ છે જે એસિડિક અને મૂળભૂત બંને છે. વધારે તીખા-તળેલા ખોરાકમાં મસાલેદાર જડીબુટ્ટીઓ અને ગરમ મસાલાનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે જે પિત્તને વધારે છે અને વધુ એસિડ ઉત્પન્ન કરે છે.

જેના કારણે આ ખોરાકને ખાતા જ શરીરમાં એસિડિટી થવા લાગે છે અને છાતીમાં બળતરા, ગેસ અને પેટમાં સોજો આવે છે.

**લિવરની સમસ્યા :** મસાલેદાર ખોરાક લિવર માટે ઝેરથી ઓછો નથી. વધુ પડતા તેલ અને મસાલાવાળા ખાદ્યપદાર્થોમાંથી તેલ લિવરમાં ચોંટી જાય છે અને લિવરમાં ચરબી જમા થવા લાગે છે જેના કારણે લિવર ફેટી થાય છે.

વધારે તેલ અને મસાલા પણ લિવરને નુકસાન પહોંચાડવાનું શરૂ કરે છે, જે લિવરને સિરોસિસ તરફ દોરી શકે છે. લાંબા સમય સુધી મસાલેદાર ખોરાક ખાવાથી હેપેટાઈટીસ અને કમળો પણ થઈ શકે છે.

# કેળાના ફેસ પેકથી તમારા ચહેરાને ચમકાવો



દરેક ઋતુમાં સરળતાથી મળી રહેતું કેળું સ્વાસ્થ્ય અને સુંદરતા બંને માટે ખુબ જ ફાયદાકારક છે. ત્વચા અને વાળ પર કેળું કેવી રીતે લગાવવું જેથી રંગ નિખરે અને વાળની ચમક વધે. કેળામાં પોટેશિયમ, મિનરલ્સ, વિટામિન્સ અને ફાઈબર ભરપૂર પ્રમાણમાં હોય છે. આ જ કારણ છે કે બનાના હેર માસ્ક લગાવવાથી વાળને પોષણ મળે છે અને તેની ચમક વધે છે. કેળા વાળની શુષ્કતા દૂર કરે છે.

કેળામાં ભરપૂર માત્રામાં એન્ટીઓક્સીડેન્ટ હોય છે, તેથી તેમનો હેર માસ્ક લગાવવાથી વાળ ઝડપથી વધે છે. કેળામાં રહેલું સિલિકા વાળને બે મોઢાથી રાહત આપે છે. વાળની જેમ કેળા પણ ત્વચા માટે ખૂબ જ ફાયદાકારક છે. સૌંદર્ય નિષ્ણાંતો પાસેથી શીખો અને ઘરે બેઠા તમારું પોતાનું બનાના બ્યૂટી ફેક પેક બનાવો. એક ચમચી એલોવેરા જેલમાં બે ચમચી મેશ કરેલા કેળાને ભેળવીને ફેસ પેક તૈયાર કરો. તેને 10 મિનિટ માટે ચહેરા પર લગાવો, પછી ધોઈ લો. આવું નિયમિત કરવાથી ત્વચાની ચમક વધે છે.

એક ચમચી મેશ કરેલા કેળામાં બે ચમચી ઓટમીલ અને એક ચમચી મધ મિક્સ કરીને ફેસ પેક તૈયાર કરો. આ ફેસ પેકને માત્ર 10 મિનિટ માટે ચહેરા પર રાખો. ચહેરો ધોયા પછી ચમક જોઈને તમે આશ્ચર્યચકિત થઈ જશો.

# ઠંડીની મોસમમાં શિંગોડાનું સેવન કરવું સ્વાસ્થ્ય માટે લાભદાયી

શિંગોડા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. શિંગોડા હૃદયના આકાર જેવા હોય છે તે પાણીમાં થાય છે. આ એક મોસમી ફળ છે અને તેમાં એવા ઘણા પોષક તત્વો મળી આવે છે, જે આજકાલ ઘણી બીમારીઓ સામે રક્ષણ આપવામાં અસરકારક છે. શિંગોડા ખાવાથી શ્વાસ સંબંધી સમસ્યાઓમાં પણ રાહત મળે છે.

શિંગોડામાં વિટામિન એ, સાઈટ્રિક એસિડ, ફોસ્ફરસ, વિટામિન સી, મેંગેનીઝ, થાઈમીન, કાર્બોહાઈડ્રેટ, ફાઈબર, આયોડિન અને મેગ્નેશિયમથી ભરપૂર છે, આ તમામ પોષક તત્વો સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.

**થાઈરોઈડમાં ફાયદાકારક :** શિંગોડામાં હાજર આયોડિન, મેંગેનીઝ જેવા મિનરલ્સ થાઈરોઈડ અને ગોઈટરના રોગોને રોકવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તે બ્લડ પ્રેશર અને સ્થૂળતા ઘટાડવામાં ફાયદાકારક છે.

**કમળાના રોગમાં રાહત :** કમળાના રોગમાં શરીરમાં પિત્તદોષ વધે છે. શિંગોડામાં શામક ગુણ હોય છે, જે ખૂબ જ ફાયદાકારક છે. શિંગોડાના લોટમાં હાઈ બ્લડ પ્રેશરનું જોખમ ઘટાડવાની શક્તિ હોય છે.

**મહિલાઓ માટે ફાયદાકારક :** સગર્ભાવસ્થા દરમિયાન શિંગોડા ખાવાથી માતા અને બાળક બંને સ્વસ્થ રહે છે. શિંગોડા ગર્ભપાતનું જોખમ પણ ઘટાડે છે. આ સિવાય પીરિયડ્સની સમસ્યા પણ દૂર થાય છે.

**ગેસ અને અપચોથી રાહત :** પેટની સમસ્યાઓને દૂર કરવામાં પણ શિંગોડા ખૂબ જ ફાયદાકારક છે. શિંગોડા ગેસ, એસિડિટી, કબજિયાત અને અપચો જેવી સમસ્યાઓથી રાહત આપે છે. તે ભૂખ ન લાગવાની સમસ્યાને દૂર કરવામાં પણ મદદ કરે છે.



# સ્વાસ્થ્યની સાથે જ ત્વચા માટે ખૂબ ફાયદાકારક છે કારેલા





કારેલા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. કારેલાના ફાયદા વિશે તમે ઘણું બધું સાંભળ્યું જ હશે. તેના કડવા સ્વાદને લીધે તે સ્વાસ્થ્ય માટે ખૂબ લાભદાયી સાબિત થાય છે. પરંતુ શું તમે જાણો છો કે કારેલા સ્વાસ્થ્યની સાથે-સાથે ત્વચા માટે ખૂબ ફાયદાકારક છે. કારેલાનો ઉપયોગ કરવાથી ત્વચા સંબંધિત સમસ્યાઓથી મુક્તિ મળે છે. ચાલો જાણીએ કે તમે ત્વચા માટે કારેલાનો ઉપયોગ કેવી રીતે કરી શકો છો.

**બેદાગ ત્વચા :** ત્વચાને બેદાગ બનાવવા માટે 2 ચમચી કારેલાના રસમાં 2 ચમચી નારંગીનો રસ મિક્સ કરી લો. પછી આ મિશ્રણને તમારા ચહેરા પર લગાવો. 15 મિનિટ રાખી પાણીથી ચહેરો ધોઈ લો. આ ઉપાય દરરોજ કરો. ધીરે-ધીરે ખીલને કારણે તમારા ચહેરા પર પડેલાં ડાઘ-ધબ્બા આછા થવા લાગશે.

**ચમકતી ત્વચા :** જો ચહેરા પર દાગ અથવા ખીલ વગેરે છે, તો પછી કારેલાના ફેસપેકનો ઉપયોગ કરવાથી તે મટી જાય છે. આ પેક બનાવવા માટે મિક્સરમાં કારેલા, કેટલાક લીમડાના પાન અને એક ચમચી હળદર લઈને ગ્રાન્ડર કરો. આ પેસ્ટને તમારા ગળાથી લઈ ચહેરા સુધી લગાવો અને તેને સુકાવા દો. લગભગ 20 મિનિટ પછી નવશેકા પાણીથી ધોઈ લો. જો તમે આ પેકનો અઠવાડિયામાં ઓછામાં ઓછા ત્રણ દિવસ ઉપયોગ કરો. તમને સારા પરિણામ મળશે.

**કરચલી દૂર કરવા :** જો સમય પહેલા તમારા ચહેરા પર કરચલીઓ આવી ગઈ હોય, તો પછી એક ચમચી કારેલાનો રસ લઈ અને બે ચમચી દહીં સાથે બાઉલમાં મિક્સ કરો. આ પેકને ગળાથી ચહેરા સુધી લગાડો અને 20 મિનિટ સુધી રાખો. હાથમાં થોડું પાણી લો અને ચહેરાને હળવા હાથથી સ્ક્રબ કરો. ત્યારબાદ નવશેકા પાણીથી ચહેરાને ધોઈ લો. અઠવાડિયામાં લગભગ બે વાર આવું કરો. થોડા દિવસોમાં ફરક જોવા મળશે.



# સ્ટ્રોબેરી ખાવી યુરિક એસિડના દર્દીઓ માટે ગુણકારી

શરીરમાં યુરિક એસિડનું વધવુ ગાઉટની સમસ્યાનું કારણ બની શકે છે. આ તમારા હાડકાઓમાં પથરી તરીકે જમા થઈ શકે છે અને એક ગેપ પેદા કરે છે, જેનાથી સોજા સાથે ખૂબ દુખાવો થાય છે. તેની શરૂઆત ખરાબ પ્રોટીન મેટાબોલિઝમથી થાય છે જેમાં શરીર પ્રોટીનના વેસ્ટ પ્રોડક્ટ પ્યૂરિનને પચાવી શકતા નથી અને આ ફરી ધીમે-ધીમે શરીરમાં જમા થવા લાગે છે. દરમિયાન જરૂરી છે કે તમે ફાઈબર અને વિટામિન સીથી ભરપૂર તે ફળોને ખાવ જે પ્યૂરિન મેટાબોલિઝમને ઝડપી કરવા સાથે હાડકાઓ સાથે જમા પથરીને ઓગાળવામાં મદદ કરે છે.


**સ્ટ્રોબેરી :** સ્ટ્રોબેરી ખાવી યુરિક એસિડના દર્દીઓ માટે ઘણા પ્રકારે ફાયદાકારક છે. સ્ટ્રોબેરી વિટામિન સીનો શ્રેષ્ઠ સ્ત્રોત છે, જે તમારા યુરિક એસિડના સ્તરને ઘટાડે છે અને સંધિવાના હુમલાને રોકવામાં મદદ કરે છે. યુરિક એસિડ વધી જવાથી તમે તેનો જ્યૂસ પી શકો છો અથવા એમ જ ખાઈ શકો છો. આ પેટ માટે પણ ખૂબ ફાયદાકારક છે.

**સંતરા :** સંતરામાં વિટામિન સીનું સૌથી વધુ પ્રમાણ હોય છે. આ સિવાય તેમાં પાણીનું પણ સારુ પ્રમાણ હોય છે. આ બંને ગુણ હાઈ યુરિક એસિડ વાળા લોકો માટે કારગર રીતે કામ કરે છે. વિટામિન સી પોતાના સાઈટ્રિક ગુણોથી પ્યૂરિનની પથરીઓને તોડે છે તેમજ સંતરાનો રસ તેને પોતાની સાથે ફ્લશ આઉટ કરવામાં મદદ કરે છે. આ સિવાય સંતરાના ફાઈબર પ્રોટીન મેટાબોલિઝમને ઝડપી કરે છે અને તેના પાચનમાં મદદરૂપ છે.

**દ્રાક્ષ :** દ્રાક્ષમાં તમને વિટામિન સી તો મળશે જ પરંતુ, ફાઈબર પણ મળશે. આ સિવાય આમાં લેક્સટેસિવ ગુણ પણ છે જે પ્યૂરિનની પથરીઓ સાથે ચોંટીને તેના મળની સાથે બહાર નીકળવામાં મદદ કરે છે. આ સિવાય તેનુ વિટામિન સી પોતાના એસિડિક ગુણોથી પ્યૂરિનની પથરીઓને પચાવવામાં મદદ કરે છે. આ રીતે હાઈ યુરિક એસિડમાં દ્રાક્ષ ખાવી ફાયદાકારક છે.

**અનાનસ :** અનાનસમાં મળતા એન્જાઈમ બ્રોમેલેન પ્રોટીનને તોડવા અને સોજાને ઘટાડવામાં મદદ કરે છે. આ સિવાય તેનું વિટામિન સી અને ફાઈબર પણ યુરિક એસિડના દર્દીઓમાં પ્યૂરિન પચાવવા અને તેને ફ્લશ આઉટ કરવામાં પણ મદદરૂપ છે.

# ઓફિસમાં સુંદર અને અલગ દેખાવવા માટે ફોલો કરો આ મેકઅપ ટિપ્સ



વર્કિંગ વુમન ઉપર જવાબદારીઓ વધુ હોય છે. તેમને ઓફિસની સાથે-સાથે ઘરના કાર્યો પર પણ ધ્યાન આપવાનું હોય છે. દરમિયાન ઘણી વખત તેમનુ પોતાનું કામ રહી જાય છે. જેમ કે સવારે એટલો સમય રહેતો નથી કે તમે આરામથી તૈયાર થઈ શકે. દરમિયાન મેકઅપ કરવાનો અને પોતાના વાળ ઓળાવવાનો પણ સમય રહેતો નથી.

**સનસ્ક્રીન સાથે ફાઉન્ડેશન લગાવો :** સૌથી પહેલા તમારે પોતાની સ્કિન પર ફાઉન્ડેશનની સાથે સનસ્ક્રીન મિક્સ કરીને લગાવવાનું છે. આ તમારી સ્કિનમાં થોડી લાઈટ સાથે તડકાથી થતા નુકસાનોથી પણ બચાવવામાં મદદ કરશે. જોકે, તમે પ્રાઈમર પણ લગાવી શકો છો પરંતુ ફાઉન્ડેશનની સાથે સનસ્ક્રીન મિક્સ કરીને લગાવવાનો વધુ ફાયદો છે. આ માટે જેલ કે ક્રીમવાળા ફાઉન્ડેશનનો ઉપયોગ કરો.

**આઈ લાઈનર લગાવો :** ઓફિસ જવા માટે તમે આઈ લાઈનર લગાવીને તાત્કાલિક પોતાને અલગ લુક આપી શકો છો. આ તમારી આંખોની સુંદરતા વધારવાની સાથે તમને થોડો ફ્રેશ લુક આપવામાં મદદ કરે છે. તેનાથી તમે થાકેલા અને ચિંતિત દેખાતા નથી. સાથે જ તમારી આંખો અલગથી ઉભરી આવે છે. તમે કાજલ પણ લગાવી શકો છો.

**લિપસ્ટિક લગાવો :** લિપસ્ટિક તાત્કાલિક તમારા ચહેરાને એક અલગ જ લુક આપે છે. તેનાથી તમે ગ્લેમરસ નજર આવો છો. સુંદર રંગોમાં લિપસ્ટિકની પસંદગી કરો અને અલગથી પ્રોફેશનલ દેખાવ. જોકે, ઓફિસ માટે તમે આછા કલરની લિપસ્ટિકને પણ લગાવી શકો છો.

**સામાન્ય બ્લશ કરો :** જે બાદ પોતાના ચહેરાની સુંદરતા વધારવા અને મેકઅપને બેલેન્સ કરવા માટે થોડુ બ્લશ કરો. જે બાદ તમારે પોતાના વાળને સ્ટ્રેટ રાખવાના છે કે બન બનાવવાના છે જેમ ઈચ્છો તેમ રાખી શકો છો. હવે તમે ઓફિસ જવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છો. તો બસ આ ટિપ્સને ફોલો કરીને તમે 5 મિનિટમાં ઓફિસ જવા માટે તૈયાર થઈ જાવ.

CMYK

મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાનો પુત્ર પણ વિરોધમાં જોડાયો । રાજકીય આગેવાનો અને વિદ્યાર્થીઓમાં રોષનું કારણ બની હતી

# જમ્મુ અને કાશ્મીરમાં અનામત નીતિ સામે વિરોધ ઉગ્ર બન્યો

પછાત વર્ગ આયોગની ભલામણોના આધારે અન્ય પછાત વર્ગોને ૮ ટકા અનામત આપવામાં આવી હતી અને ૧૫ નવી જાતિઓને ઓબીસી સૂચિમાં ઉમેરવામાં આવી હતી

। જમ્મુ, તા.૨૩ ।

જમ્મુ-કાશ્મીરમાં અનામત નીતિને લઈને વિરોધ ઉગ્ર બન્યો છે. સેંકડો વિદ્યાર્થીઓ અને અનેક રાજકીય નેતાઓ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાના ઘરની બહાર એકઠા થયા હતા અને રાજ્ય સરકાર પાસેથી અનામત નીતિની સમીક્ષાની માંગ કરી હતી. આ નીતિ આ વર્ષની શરૂઆતમાં લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાની આગેવાની હેઠળના વહીવટીતંત્ર દ્વારા લાગુ કરવામાં આવી હતી.નેશનલ કોંગ્રેસના સભ્ય અને સાંસદ રૂહુલ્લા મેહદી પણ વિરોધમાં જોડાયા હતા. તેમણે આ વિરોધને ટેકો આપ્યો હતો અને સોશિયલ મીડિયા હેન્ડલ 'એક્સ' પરની એક પોસ્ટમાં, તેમણે અનામત નીતિમાં તર્કસંગતતાની માંગ સાથે ગુપકર રોડ સ્થિત મુખ્યમંત્રી કાર્યાલયની બહાર વિરોધ કરવાની અપીલ કરી હતી. આ સાથે પીડીપી નેતા વાહીદ પારા, ઈલ્તિજા મુફ્તી અને અવામી એકતા પાર્ટીના નેતા શેખ ખુરાશી (એન્જિનિયર રાશિદના ભાઈ) પણ વિરોધમાં જોડાયા હતા.







### સમગ્ર ખીણમાં તેની સમીક્ષા અને રિવર્સલની માંગ ઉઠવા લાગી

આ અનામત નીતિ રાજકીય આગેવાનો અને વિદ્યાર્થીઓમાં રોષનું કારણ બની હતી. સમગ્ર ખીણમાં તેની સમીક્ષા અને રિવર્સલની માંગ ઉઠવા લાગી. સાંસદ રૂહુલ્લા મેહદીએ નવેમ્બરમાં વિદ્યાર્થીઓને વચન આપ્યું હતું કે તેઓ તેમની સાથે વિરોધ પ્રદર્શનમાં જોડાશે. તેમણે કહ્યું હતું કે નવી સરકાર આ નીતિ પર કોઈ પગલાં લઈ રહી નથી કારણ કે ચૂંટણી સરકાર અને લેફ્ટનન્ટ ગવર્નરની ઓફિસ વચ્ચે સત્તાનું વિભાજન સ્પષ્ટ નથી. મેહદીએ કહ્યું, ''મને જણાવવામાં આવ્યું છે કે સરકાર અને અન્ય કચેરીઓ વચ્ચે કામકાજના નિયમોના વિભાજનને લઈને થોડી મૂંઝવણ છે અને આ વિષય તેમાંથી એક છે. મને ખાતરી આપવામાં આવી છે કે સરકાર આ નીતિને ટૂંક સમયમાં સુધારવાનો નિર્ણય લેશે.''

### હાઈકોર્ટે પહેલાથી ચાલી રહેલી અરજીઓને નવી અરજી સાથે જોડી દીધી

૧૦ ડિસેમ્બરના રોજ, જમ્મુ અને કાશ્મીર સરકારે અનામત નીતિની સમીક્ષા કરવા માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરી હતી. આ સમિતિમાં સ્વાસ્થ્ય મંત્રી સકીના ઇટ્ટુ, વન મંત્રી જાવેદ અહેમદ રાણા અને વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી સતીશ શર્માનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જો કે, કમિટી પોતાનો અહેવાલ સુપરત કરવા માટે કોઈ સમય મર્યાદા નક્કી કરવામાં આવી નથી. બે દિવસ પછી, જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટે, અનામત નીતિને પડકારતી નવી અરજી પર સુનાવણી કરતી વખતે, સરકાર પાસેથી ત્રણ અઠવાડિયામાં જવાબ માંગ્યો. હાઈકોર્ટે પહેલાથી ચાલી રહેલી અરજીઓને નવી અરજી સાથે જોડી દીધી છે.

### શ્રીનગરમાં અનામત નીતિ વિરુદ્ધ શાંતિપૂર્ણ વિરોધનું આયોજન : સીએમ

સીએમએ કહ્યું, ''મને જાણવા મળ્યું છે કે શ્રીનગરમાં અનામત નીતિ વિરુદ્ધ શાંતિપૂર્ણ વિરોધનું આયોજન કરવામાં આવી રહ્યું છે. શાંતિપૂર્ણ વિરોધ એ લોકતાંત્રિક અધિકાર છે અને હું તેને કોઈપણ સ્વરૂપે નકારવાનો નથી, પરંતુ કૃપા કરીને આ જાણીને વિરોધ કરો કે આ મુદ્દો નથી. અવગણના કરવામાં આવી છે અથવા દબાવવામાં આવી છે.સીએમ ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે જમ્મુ-કાશ્મીર સરકાર તે જ કરી રહી છે જે કોઈપણ જવાબદાર સરકાર કરે છે. અમે સુનિશ્ચિત કરીશું કે દરેકની વાત સાંભળવામાં આવે અને યોગ્ય પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી યોગ્ય નિર્ણય લેવામાં આવે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે જેકેએનસી, વિધાનસભા ચૂંટણી પહેલા બહાર પાડવામાં આવેલા તેના મેનિફેસ્ટોમાં, તેના તમામ પાસાઓની તપાસ કરવા માટે પ્રતિબદ્ધ છે.

## 'પુષ્પા ૨' એક્ટર અલ્લુ અર્જુનના ઘર પર હુમલો ; તોડફોડ કરનાર ૮ લોકોની ધરપકડ



। મુંબઇ, તા.૨૩ ।

અલ્લુ અર્જુન સાથે જોડાયેલા મોટા સમાચાર સામે આવી રહ્યા છે. એક્ટરના ઘરની બહાર ભારે તોડફોડ કરવામાં આવી હતી. રિપોર્ટસ અનુસાર ઉસ્માનિયા યુનિવર્સિટી જોઈન્ટ એક્શન કમિટીના સભ્યોએ રવિવારે સાંજે હંગામો મચાવ્યો હતો. આ દેખાવકારોની માંગ છે કે અલ્લુ અર્જુને સંધ્યા થિયેટર અકસ્માતમાં મૃત્યુ પામેલી મહિલાને ૧ કરોડ રૂપિયા આપવા જોઈએ. આ સાથે પરિવારને શક્ય તમામ મદદ કરો.રિપોર્ટ્સ અનુસાર જ્યારે એક્ટરના ઘરની બહાર દેખાવકારોએ સૂત્રોચ્ચાર કર્યા અને હંગામો મચાવ્યો હતો ત્યારે અલ્લુ અર્જુન ઘરે હાજર નહોતો. જો કે, પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને જેએસીના નેતાઓની અટકાયત કરી હતી. રિપોર્ટ્સનું માનીએ તો પોલીસે આ સમગ્ર મામલે ૮ લોકોની અટકાયત કરી છે.

દિલ્હી-એનસીઆરમાં હળવા ઝરમર વરસાદને કારણે ઠંડી વધી

## દિલ્હી સહિત બાર રાજ્યોમાં તોફાન અને વરસાદ સાથે કરા પડવાની સંભાવના !!

ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર , હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાને કારણે મેદાની રાજ્યો રાજસ્થાન, દિલ્હી, પંજાબ, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે

। નવીદિલ્હી, તા.૨૩ ।

દેશભરમાં કોલ્ડવેવના કારણે અત્યંત ઠંડી છે. ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર , હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાને કારણે મેદાની રાજ્યો રાજસ્થાન, દિલ્હી, પંજાબ, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે છે. શ્રીનગરમાં ૨૧ ડિસેમ્બરની રાત્રે માઈનસ ૮ ડિગ્રી તાપમાન સાથે ૫૦ વર્ષમાં પ્રથમ વખત સૌથી ઠંડી રાત નોંધાઈ હતી. ચિલ્લાઇ કલાન, બદ્રીનાથ ધામના દાલ તળાવ પાસે ઉર્વશીનો પ્રવાહ જામી ગયો છે.મધ્યપ્રદેશના ૧૪ જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન ૩ થી ૮ ડિગ્રી વચ્ચે યથાવત છે. પચમઢી ૩.૯ પારો સાથે સૌથી ઠંડુ શહેર હતું. અન્ય ૧૩ જિલ્લાનું તાપમાન ૩.૯ ડિગ્રીથી ૮.૭ ડિગ્રી વચ્ચે રહ્યું છે.



ભારતીય હવામાન વિભાગે આજથી દેશભરમાં હવામાનમાં ફેરફારની આગાહી કરી છે. સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ૧૨ રાજ્યોમાં તોફાન અને કરા સાથે વરસાદ પડશે. ૧૪ રાજ્યોમાં શીત લહેર સાથે ગાઢ ધુમ્મસની ચેતવણી આપવામાં આવી છે. તેણે ૩.૧ કિમીના વિસ્તારમાં ચક્રવાતી પરિભ્રમણ સર્જ્યું. તે પશ્ચિમ-દક્ષિણપશ્ચિમ તરફ આગળ વધીને ઉત્તર નજીક દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી સુધી પહોંચે તેવી શક્યતા છે. આ સાયક્લોનિક સર્ક્યુલેશન ૨૪ ડિસેમ્બરની આસપાસ તમિલનાડુ અને દક્ષિણ આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે પહોંચશે. આને કારણે દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, દરિયાકાંઠાના ઓડિશા, ઉત્તર તટીય તમિલનાડુ અને પુડુચેરીમાં વીજળી સાથે તોફાન આવશે અને કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ અને ભારે વરસાદ પડી શકે છે.

શું બાંગ્લાદેશ અને પાકિસ્તાન ફરી એક થશે ?


## મોહમ્મદ યુનુસ અને શાહબાઝ શરીફ વચ્ચે ગુપ્ત બેઠક

### બાંગ્લાદેશમાં શેખ હસીના તખ્તાપલટ બાદ પાકિસ્તાનને ફાયદાનો રસ્તો દેખાઈ રહ્યો છે

। ઢાકા, તા.૨૩ ।

શેખ હસીનાની સરકારના પતન બાદ હવે બાંગ્લાદેશ એ ઘાને ભૂલી જવાની તૈયારી કરી રહ્યું છે જે તેને પાકિસ્તાન આર્મી દ્વારા આપવામાં આવ્યા હતા. ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન પાકિસ્તાની સેનાએ લાખો બાંગ્લાદેશીઓ પર અત્યાચાર ગુજાર્યો હતો અને તેમની હત્યા કરી હતી. પરંતુ, હવે બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસ આ બધું ભૂલીને ધીમે ધીમે પાકિસ્તાનના ખોળામાં બેસવાની તૈયારી કરી રહ્યા છે.બાંગ્લાદેશમાં શેખ હસીના તખ્તાપલટ બાદ પાકિસ્તાનને ફાયદાનો રસ્તો દેખાઈ રહ્યો છે. કારણ કે, સંબંધોને વધુ મજબૂત કરવાના પ્રયાસમાં બાંગ્લાદેશનો ઝુકાવ પાકિસ્તાન તરફ જોવા મળી રહ્યો છે. બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસે ૧૯ ડિસેમ્બરે ઈજિપ્તના કૈરોમાં આયોજિત ડી-૮ સમિટ દરમિયાન પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે મુલાકાત કરી હતી. ડી-૮ ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કોઓપરેશન, જેને વ્યાપકપણે ડેવલપિંગ-૮ તરીકે ઓળખવામાં આવે છે. તેના સભ્ય દેશોમાં બાંગ્લાદેશ, ઈજિપ્ત, ઈન્ડોનેશિયા, ઈરાન, મલેશિયા, નાઈજીરીયા, પાકિસ્તાન અને તુર્કી છે. આ દેશો વચ્ચે વિકાસ સહયોગને પ્રોત્સાહન આપવા માટેનું એક સંગઠન છે. ૧૯મી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ અઝરબૈજાનના ૯મા સભ્ય તરીકે જોડવામાં આવ્યો છે. આ સંગઠન વિવિધ અર્થતંત્રો વચ્ચે સહકાર વધારવા અને પરસ્પર વિકાસને પ્રોત્સાહન આપવા માટે છે.

## સફળતા કલાકારોના દિમાગ સાથે રમે છે જે ન થવું જોઇએ : પંકજ ત્રિપાઠી



। મુંબઇ, તા.૨૩ ।

'સ્ત્રી ૨'ની સફળતા બાદથી સમગ્ર સ્ટાર કાસ્ટ સમાચારોમાં છે. શ્રદ્ધા કપૂરથી લઈને રાજકુમાર રાવ સુધી, ફિલ્મના ઘણા સ્ટાર્સે સક્સેસ ક્રેડિટ વોર પર પોતપોતાની પ્રતિક્રિયાઓ આપી છે. દરમિયાન, હોરર-કોમેડી ફિલ્મ 'સ્ત્રી ૨'માં છેલ્લે જોવા મળેલા પંકજ ત્રિપાઠીએ ફિલ્મની સફળતા પર પહેલીવાર પોતાનું મૌન તોડ્યું છે. આ ફિલ્મમાં પીઢ અભિનેતાએ રુદ્ર ભૈયાની ભૂમિકા ભજવી હતી, જેના માટે તેમના ખૂબ વખાણ થયા હતા. ૨૦૨૪ માં રિલીઝ થયા પછી તરત જ, અમર કૌશિકની ફિલ્મે બોક્સ ઓફિસના ઘણા રેકોર્ડ તોડી નાખ્યા અને મોટી હિટ બની.ઈન્ટરવ્યુમાં 'સ્ત્રી ૨' ફેમ પંકજ ત્રિપાઠીએ કહ્યું કે આટલી ઓછી બજેટની ફિલ્મ બ્લોકબસ્ટર બની એ ખૂબ જ આનંદની વાત છે. ક્રેડિટ વોર પર પ્રતિક્રિયા આપતા તેણે આગળ કહ્યું, 'સફળતાએ તમારું મન બગાડવું જોઈએ નહીં. એક વિરામ હોવો જોઈએ.'

## રાજસ્થાનમાં આઇટીના દરોડામાં પ્રથમ વખત ક્રિપ્ટોકરન્સી ખાતું પકડાયું

। જયપુર,તા.૨૩ ।

આવકવેરા વિભાગે જયપુરમાં ટેન્ટ ટ્રેડર્સ અને ઈવેન્ટ કંપનીઓ સાથે સંકળાયેલા બિઝનેસમેન પર દરોડા પાડીને રૂ. ૯.૬૫ કરોડની વસૂલાત કરી છે. આ સાથે કરોડોની કિંમતના ઘરેણા અને ક્રિપ્ટોકરન્સી એકાઉન્ટ પણ મળી આવ્યા હતા. રાજસ્થાનમાં આ પહેલીવાર બન્યું છે જ્યારે આવકવેરાના દરોડામાં કોઈ વ્યક્તિનું ક્રિપ્ટોકરન્સી એકાઉન્ટ જપ્ત કરવામાં આવ્યું હોય. આવકવેરાની ટીમે જયપુરમાં તાલુકા ટેન્ટ હાઉસ, જય ઓબેરોય કેટર, મેપ સોર, ભાવના ચારણ, આનંદ ખંડેલવાલના અનેક સ્થળો પર સર્ચ કર્યું હતું. જેમાં રિસોર્ટ, હોટલ સંચાલકો, વેડિંગ પ્લાનર્સ, ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ, કેટરર્સ અને ફ્લોરિસ્ટની મિલીભગત સામે આવી છે.આવકવેરા વિભાગના દરોડા રવિવારે રાત્રે પૂરા થયા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આવકવેરા અધિકારીઓને સર્ચ દરમિયાન ૯.૬૫ કરોડ રૂપિયા રોકડા મળી આવ્યા છે. આ સાથે ૧૨.૬૧ કિલો સોના-ચાંદીના દાગીના પણ જપ્ત કરવામાં આવ્યા છે. તેમની કુલ કિંમત ૧૦.૨૫ કરોડ રૂપિયા છે.

## દેશના સૌથી મોટા રેપ રિયાલિટી શોનો વિનર બન્યો લૈશ્કરી !

। મુંબઇ, તા.૨૩ ।

ભારતના પ્રખ્યાત રેપ રિયાલિટી ટીવી શો એમટીવી હસલ ૦૪ દેશી હીપપોપને ત્રણ મહિના પછી વિજેતા મળ્યો છે. રાગા રેઝર્સની લૈશ્કરીએ દેશી હિપ-હોપ ચેમ્પિયનનો ખિતાબ જીતી લીધો છે અને ભારતના સૌથી મોટા રેપ શો જીતીને શોની સાન વધારી છે. લૈશ્કરીના અદભૂત અવાજ અને ઈલેક્ટ્રીફાઈંગ પર્ફોર્મન્સ સાથે, દર અઠવાડિયે તેના રેપ ગીતો વડે જજીસના અને ઓડિયન્સના દિલ જીતી લીધા છે અને ગ્રાન્ડ ફિનાલે એપિસોડમાં તેનું જબરદસ્ત પરફોર્મેન્સ આપ્યું હતુ. તે આ સિઝનનો દેશી હિપ-હોપ આઈકોન સાબિત થયો છે. સિયાહીએ ઓજી હસ્ટલરનો ખિતાબ જીત્યો છે.

પંજાબ પોલીસ પર હુમલો કરનારા

પંજાબના સરહદી વિસ્તારોમાં પોલીસ મથકો પરના ગ્રેનેડ હુમલામાં સામેલ છે," અને મોડ્યુલના ત્રણ સભ્યો ગુરદાસપુરમાં પોલીસ ચોકી પરના ગ્રેનેડ હુમલામાં સામેલ છે

## 3 ખાલિસ્તાની આતંકવાદીઓ યુપી પોલીસ સાથેના એન્કાઉન્ટરમાં માર્યા

। ગુરદાસપુર,તા.૨૩ ।

પંજાબના ગુરદાસપુરમાં પોલીસ ચોકી પર ગ્રેનેડ ફેંકનાર ત્રણ આતંકવાદીઓ ઉત્તર પ્રદેશના પીલીભીતમાં પોલીસ સાથેની અથડામણમાં માર્યા ગયા છે. આજે સવારે ત્રણ ગુનેગારો અને ઉત્તર પ્રદેશ અને પંજાબ પોલીસની સંયુક્ત ટીમ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. પોલીસે તેમને પકડવાનો પ્રયાસ કર્યો, પરંતુ ગુનેગારોએ ગોળીબાર કર્યો. સૂત્રોએ જણાવ્યું હતું કે આતંકવાદીઓની ઓળખ ગુરવિંદર સિંહ પુત્ર ગુરુદેવ સિંહ, ઉંમર આશરે ૨૫ વર્ષ, રહેવાસી મોહલ્લા કલાનૌર, પોલીસ સ્ટેશન કલાનૌર, જિલ્લો ગુરદાસપુર, પંજાબ વિરેન્દ્ર સિંહ ઉર્ફે રવિ પુત્ર રણજીત સિંહ ઉર્ફે જીતા, ઉંમર આશરે ૨૩



વર્ષ, ગામ અગવાન પોલીસ સ્ટેશન કલાનૌર, જિલ્લાનો રહેવાસી. ગુરદાસપુર, પંજાબ જસન પ્રીત સિંહ ઉર્ફે પ્રતાપ સિંહ ઉમર આશરે ૧૮ વર્ષ ગામ નિક્કા સુર, પોલીસ સ્ટેશન કલાનૌર, પંજાબ તરીકે કરવામાં આવી છે તેમની પાસેથી બે એકે સિરીઝની રાઈફલ અને ઘણી ગ્લોક પિસ્તોલ મળી આવી છે.આ એન્કાઉન્ટરમાં બે કોન્સ્ટેબલ પણ ઘાયલ થયા હોવાનું કહેવાય છે.પંજાબ પોલીસે કહ્યું છે કે ત્રણેય ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સના પાકિસ્તાન પ્રાયોજિત મોડ્યુલનો ભાગ છે. પંજાબના ડીજીપી ગૌરવ યાદવે એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''આ આતંકવાદી મોડ્યુલ પંજાબના સરહદી વિસ્તારોમાં પોલીસ મથકો પરના ગ્રેનેડ હુમલામાં સામેલ છે,'' અને મોડ્યુલના ત્રણ સભ્યો ગુરદાસપુરમાં પોલીસ ચોકી પરના ગ્રેનેડ હુમલામાં સામેલ છે. તેમણે કહ્યું, ''સમગ્ર આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કરવા માટે તપાસ ચાલી રહી છે.


ટ્રમ્પ વિવાદમાં | રાષ્ટ્રપતિ ટ્રમ્પે ૫ નવેમ્બરે ચૂંટણી જીત્યા બાદ તેમની પ્રથમ મોટી રેલીમાં આ ટિપ્પણી કરી હતી

## ટ્રમ્પે પનામા કેનાલ પર કબજો કરવાની વાત કરતા હોબાળો મચાવ્યો

। ફોનિક્સ, તા.૨૩ ।

યુએસ પ્રમુખ-ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે કહ્યું હતું કે તેમનું વહીવટીતંત્ર પનામા કેનાલ પર ફરીથી નિયંત્રણ મેળવવાનો પ્રયાસ કરી શકે છે જેને યુએસએ મૂર્ખતાપૂર્વક તેના મધ્ય અમેરિકન સાથીને સોંપી દીધી હતી. તેમના નિવેદન પાછળ ટ્રમ્પનો તર્ક એ હતો કે એટલાન્ટિક અને પેસિફિક મહાસાગરોને જોડતી આ મહત્વપૂર્ણ નહેરમાંથી પસાર થવા માટે જહાજોને બિનજરૂરી ફી વસૂલવામાં આવે છે. તે જ





સમયે, પનામાનિયાના રાષ્ટ્રપતિ જોસ રાઉલ મુલિનોએ આ ખ્યાલને સંપૂર્ણ રીતે નકારી કાઢ્યો છે, તેને તેમના દેશની સાર્વભૌમત્વનું અપમાન ગણાવ્યું છે.રિપબ્લિકન પાર્ટીના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ટ્રમ્પે ૫ નવેમ્બરે ચૂંટણી જીત્યા બાદ તેમની પ્રથમ મોટી રેલીમાં આ ટિપ્પણી કરી હતી. એરિઝોનામાં 'ટર્નિંગ પોઈન્ટ યુએસએ અમેરિકાફેસ્ટ'માં સમર્થકોને સંબોધતા ટ્રમ્પે કહ્યું હતું કે તેમનું વહીવટીતંત્ર ઝડપથી અર્થવ્યવસ્થાનો વિકાસ કરશે, અમેરિકાની સરહદો સીલ કરશે અને મધ્ય પૂર્વ અને યુક્રેનમાં યુદ્ધોને તાત્કાલિક સમાપ્ત કરશે. ટ્રમ્પે કહ્યું, ''હું ગર્વથી કહી શકું છું કે અમેરિકાનો સુવર્ણકાળ આપણી સામે છે. આપણી અંદર હવે એવી લાગણી છે જે થોડા સમય પહેલા નહોતી.ટ્રમ્પે પોતાના સંબોધનમાં કહ્યું, ''અમે બધાને સાથે લાવવાનો પ્રયાસ કરવા માંગીએ છીએ.'' અમે પ્રયાસ કરવા જઈ રહ્યા છીએ. અમે ખરેખર તેને એક તક આપવા જઈ રહ્યા છીએ.'' તેમણે કહ્યું કે ડેમોક્રેટિક પાર્ટીના નેતાઓએ તેમનો વિશ્વાસ ગુમાવ્યો છે અને ચૂંટણી પછી તેઓ મૂંઝવણમાં છે પરંતુ તેઓ આખરે અમારી બાજુમાં આવશે કારણ કે અમે ઇચ્છીએ છીએ કે તેઓ અમારી બાજુમાં આવે.આ દરમિયાન ટ્રમ્પે ઘણા નવા અને જૂના મુદ્દાઓ પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. તેમના સંબોધનમાં, તેમણે કહ્યું, ''અમને પનામા કેનાલથી વંચિત કરવામાં આવી રહ્યા છે.''

## કચ્છ જીલ્લાના લખપત તાલુકામાં ૩.૭ની તીવ્રતા સાથે ભૂકંપનો આંચકો

। ભુજ, તા.૨૩ ।

કચ્છ જીલ્લાના લખપત તાલુકામાં ફરીથી ભૂકંપ આવ્યો છે. લખપતમાં ૩.૭ની તીવ્રતાનો ભૂકંપ આવતા લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. આજે સવારે ૧૦:૪૪ મિનિટે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ લખપતથી ૭૬ કિમી દૂર નોંધાયું છે, ભારત-પાકિસ્તાન બોર્ડર ઉપર ભૂકંપનું કેન્દ્રબિંદુ નોંધાતા ધરા ફરીથી ધ્રુજી ઉઠી છે.અગાઉ ૩.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતે. બપોરે ૩:૫૮ વાગ્યે બેલાથી ૨૯ કિલોમીટર દૂર આંચકો નોંધાયો હતો. પૂર્વ કચ્છના બેલાથી ૨૯ કિમી દૂર નોર્થ – નોર્થ ઈસ્ટમાં આંચકો નોંધાયો હતો. થોડા સમય અગાઉ ભૂકંપનું કેન્દ્ર બિંદુ ભચાઉથી ૧૦ કિ.મી. દૂર નોંધાયું હતું. બે મહિના અગાઉ કચ્છના ભચાઉમાં મોડી રાત્રે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

### જામીન અરજી ગ્રામ્ય કોર્ટે ફગાવી

# પોન્ઝી સ્કીમના કૌભાંડી ભૂપેન્દ્રસિંહ ઝાલાએ હાઇકાર્ટમાં આગોતરા જામીન અરજી કરી

### આગોતરા જામીનની અરજીમાં એફઆઇઆર ખોટી રીતે નોંધાઇ હોવાની રજૂઆત કરાઇ છે

। માહિતી બ્યુરો, અમદાવાદ,તા.૨૩ ।

બીઝેડ બીઝેડ ગ્રુપ કૌભાંડના ભૂપેન્દ્રસિંહ ઝાલાની આગોતરા જામીન અરજી ગ્રામ્ય કોર્ટે ફગાવી હતી. જેના બાદ હવે આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાએ ગુજરાત હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા છે. તેણે હાઈકોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી છે. સાથે જ તેણે આગોતરા જામીનની અરજીમાં એફઆઈઆર ખોટી રીતે નોંધાઈ હોવાની રજૂઆત કરાઈ છે. ૬૦૦૦ કરોડના કૌભાંડી બીઝેડ ગ્રુપના સીઈઓ ભુપેન્દ્ર સિંહ ઝાલાએ ધરપકડથી બચવા હવે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા છે. ઝાલા દ્વારા આગોતરા જામીન અરજી કરવામાં આવી છે. ભુપેન્દ્રસિંહ





ઝાલાની આગોતરા જમીનને ગ્રામ્ય સેશન્સ કોર્ટે ફગાવી દીધા પછી, હાઈકોર્ટમાં ભુપેન્દ્રસિંહ ઝાલા એ અરજી દાખલ કરી છે. હવે ગુજરાત હાઈકોર્ટમાં આ મામલે સુનાવણી કરવામાં આવશે.

ભુપેન્દ્ર ઝાલાની અરજી પર સુનાવણી થઈ હતી. જેમાં ભૂપેન્દ્રસિંહ ઝાલાએ રજૂઆત કરી કે, મારા ખાતા ડીફ્રીઝ કરો, એક પણ ઈન્વેસ્ટરના પૈસા ડૂબશે નહીં. મારા ખાતામાં રહેલા પૈસા અંગત હેતુ માટે નહીં વાપરું. જે દિવસે એફઆઈઆર નોંધાઈ તે દિવસે એક પણ ઈન્વેસ્ટરનો એક પણ રૂપિયો ડૂબ્યો નહોતો. તમામ ઈન્વેસ્ટર્સને તેમના ઈન્વેસ્ટમેન્ટના રિટર્ન દર મહિનાના પહેલા અઠવાડિયામાં કરી દેવામાં આવતા હોય છે. જીપીઆઈડી એક્ટ લગાવી ખાતા ફ્રીઝ કર્યા, અને હવે ડિફોલ્ટનું બહાનું આપી જીપીઆઈડી એક્ટની કડક જોગવાઈઓનો અમલ કરાવવા માંગે છે. માત્ર શંકાના આધાર પર ન્યાયિક પ્રક્રિયાનો દુરુપયોગ થઈ રહ્યો છે. સરકારે ભૂપેન્દ્રસિંહ ઝાલાની અરજીનો વિરોધ કર્યો છે. સરકારે જણાવ્યું કે, હાલ તપાસ ચાલુ છે, ૩૬૦ કરોડથી વધુના નાણાકીય વ્યવહારો મળી આવ્યા છે. આરોપી વર્ષ ૨૦૨૨ થી લોકોના પૈસા ડુબાડતો આવ્યો છે.

### ભાજપના પૂર્વ ધારાસભ્યએ પોલ ખોલી

### ગુજરાતમાં ભેળસેળનો કાળો કારોબાર ફૂલીફાલી રહ્યો છે ત્યારે ભ્રષ્ટાચારી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દરોડા પાડવાનું દેખાવો કરીને નાટક કરી રહ્યું છે

# ગુજરાત રાજ્યમાં ભેળસેળિયા ગાંધીનગર સુધી હપ્તા પહોંચાડે છે : નારણભાઈ પટેલ

। પ્રતિનિધિ, મહેસાણા,તા.૨૩ ।

ઊંઝામાં નકલી જીરું અને વરિયાળીમાં મોટા પાયે ભેળસેળ થવાની ઘટના સામે આવી રહી છે. ભાજપના પૂર્વ ધારાસભ્ય નારણભાઈ પટેલે આક્ષેપ કર્યો છે કે ગુજરાતમાં ભેળસેળનો કાળો કારોબાર ફૂલીફાલી રહ્યો છે ત્યારે ભ્રષ્ટાચારી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દરોડા પાડવાનું દેખાવો કરીને નાટક કરી રહ્યું છે. ભાજપના પૂર્વ ધારાસભ્યએ આ મૂંઝવણના મુદ્દે સવાલો ઉઠાવ્યા છે અને સરકાર પર આંગળી ચીંધી છે, જેના કારણે હાલ રાજકારણ ગરમાયું છે.નકલી જીરું અને વરિયાળી પકડાવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. એટલું જ નહીં ખાસ કરીને ઊંઝામાં ભેળસેળનો ધંધો ઝડપથી વધી રહ્યો છે. હવે ભાજપના પૂર્વ ધારાસભ્યએ ભેળસેળની વધતી પ્રવૃતિને લઈને સરકાર સામે મોરચો ખોલ્યો છે. ઊંઝાના પૂર્વ ધારાસભ્ય નારણભાઈ લલ્લુભાઈ પટેલે રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની મિલીભગતનો આરોપ લગાવ્યો છે. તેમનો આરોપ છે કે ભ્રષ્ટ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ માત્ર દરોડા પાડવાનું નાટક કરી રહ્યું છે. જો નકલી જીરું-વરિયાળીનો જથ્થો નાશ કરવામાં આવ્યો હોય અથવા કોઈ ભેળસેળ કરનારને પકડીને સજા કરવામાં આવી હોય, તો કૃપા કરીને બતાવો.



















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya